માનવતા મહોત્સવ

એક સત્ નિમિત્ત...

જે સેંકડો હૃદયમાં
કરુણા અને ત્યાગના
ભાવો જાગૃત કરે છે.

એક સત્ નિમિત્ત...

જે હજારો દીન.દુ:ખી
સાધર્મિક પરિવારોના ચહેરા પર
સંતોષનું સ્મિત લાવે છે.

JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 9 I Issue 10 I Mumbai I SEPTEMBER - 2018 I Price Rs. 25/- I Pages : 40

શ્રી સમસ્ત રાજકોટ સ્થાનકવાસી જૈન સંઘોના સહયોગે

શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ - સી.એમ.પૌષધશાળા ઓમાનવાલા ઉપાશ્રય-રાજકોટના પાવન પ્રાંગણે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

48th જન્મોત્સવ અવસરે

માનવતા મહોત્સવ

એવમ્

મહાપ્રભાવક

શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર ભાવ પૂજન

30.09.2018 રવિવાર, સવારે 8:45 કલાકે

સમારોહ સ્થળ : ડુંગર દરબાર

અમિન રોડ જંક્શન, 150 ફીટ રીંગ રોડ, ઝેડ બ્લુની સામે, રાજકોટ.

અમારા આત્માની
શુધ્ધિ કરાવનાર,
મુક્તિનો માર્ગ બતાવનાર
અમારા
કલ્યાણ મિત્ર ગુરુદેવ !
આપશ્રીના ચરણોમાં અર્પણ
અમ હૃદયની શુભેચ્છાવંદના
સાયન-માટુંગા-દાદર ગુરુભક્તો



જન્મ આપનો થયો
અને શ્વાસ અમને મળ્યા

સત્ય દ્રષ્ટિ આપે પ્રગટાવી
અને ચારિત્ર્ય દર્શન અમને કરાવ્યું

વર્ધમાન વાણીને આપે અવધારી
અને અમૃત રસ પાન અમને કરાવ્યું

તપસમ્રાટના મૌનને સાંભળીને
આપે અમને જ્ઞાન નું શ્રવણ કરાવ્યું

આપના ગુણોની સુવાસ સાથે પ્રસરાવીને
હવે શાસન પ્રભાવના પણ અમથી કરાવી

સ્પર્શ થયો આપને જ્યારે અમારા ચેતન પર
કરમાયેલા અમે નવપલ્લવિત થયા.

- ગુરુભક્ત, કોલકત્તા

JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th September 2018 YEAR: 18, ISSUE - 215
PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 25

'જૈન-ક્રાંતિ જ્ઞાન દાન'

₹ 11,000=00 એક વર્ષના

CHQ / DD should be in favour of
ARHAM YUVA GROUP

જેઓ સહકાર આપી ધન્ય બન્યા તે શુભદાતાના નામ

'જૈન ક્રાંતિ'માં
આપનું જ્ઞાનદાન
એટલે
દેશ-વિદેશના
હજારો ભાવિકો સુધી
પ્રભુનું જ્ઞાન
પહોંચાડવાનું
ઉત્તમ અનુદાન !

**આપશ્રીને
'જૈન ક્રાંતિ'ને
અનુદાન
આપવું હોય તો
સંપર્ક :
+91-9324808181**

**TO KNOW
MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON:
+91-9860905678**

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી.સી.કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- ઇગલ મેન્યુફેક્ચરીંગ (મુંબઇ)
- શ્રી હીનાબેન સંજયભાઇ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- શ્રી માલતીબેન હર્ષદભાઇ દોશી (કાંદિવલી)
- મહાવીર ટેક્સટાઇલ (કોલકત્તા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઇ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઇટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)
- શ્રી સોહમ મહિલા મંડળ (પાવનધામ-કાંદિવલી)
- શ્રી શોભનાબેન હેમેન્દ્રભાઇ દોશી (ઇન્દોર)
- શ્રી દેવીબેન હસુભાઇ શાહ (સાંતાક્રુઝ)
- અનશન આરાધક શ્રી રાજેશભાઇ મોદી (ઘાટકોપર)
- શ્રી શારદાબેન ડી. દેસાઇ (આણંદ)
- શ્રી મુકેશભાઇ મેપશી છેડા
- શ્રી ભારતીબેન ભરતભાઇ પંચમીયા (ઇન્દોર)
- ધર્મવત્સલા શ્રી લલીતાબેન પોપટલાલ હેમાણી (શાહ) (U.S.A)
- શ્રી કાજલબેન જયંતિલાલ દલાલ (દાદર)
- ચિ. શની ગોસર અને ચિ. આકૃતિ ફુરિયા
- પાવનધામ - કોમ્પ્યુટર રૂમ (કાંદિવલી)

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
publication@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

આવો, ભાવહિંસાથી મુક્ત થઇએ !

કોઇ તમને પૂછે જૈનધર્મ શું છે ? તમે તરતજ કહેશો જૈનધર્મ એટલે દયા, કરુણા અને અહિંસાનો ધર્મ, રાત્રિ ભોજનના ત્યાગનો ધર્મ, સૂક્ષ્મ જીવોની રક્ષાનો ધર્મ ! પણ ભાગ્યે જ કોઇ કહેતું હશે, જૈન ધર્મ અનેકાંતવાદનો ધર્મ છે.

હિંસા બે પ્રકારની હોય છે; દ્રવ્ય હિંસા અને ભાવ હિંસા ! નાનકડી કીડી મરી જાય તો પાપ લાગે, એ દેખાય છે, જણાય છે એટલે એ પાપથી, એ હિંસાથી મુક્ત રહી શકાય છે પણ તમારી વાણી અને વર્તનથી કોઇના ભાવોની હિંસા થાય છે, એ નથી દેખાતું કે નથી જણાતું એટલે એ હિંસાથી મુક્ત રહી શકાતું નથી.

અનેકાંતવાદ શું છે ?

અનેકાંતવાદ એ ભાવહિંસાથી મુક્ત થવાનો ઉપાય છે. અનેકાંતવાદ એટલે આમ પણ હોય શકે અને આમ પણ હોય શકે. આ એક કાલ્પનિક દૃષ્ટાંત છે જે અનેકાંતવાદના સિધ્ધાંતને સ્પષ્ટ કરે છે.

એક ખુલ્લા મેદાનમાં ઘણા બધાં બાળકો રમતાં હતાં. એમાં બે બાળકો અજય અને વિજય વચ્ચે ઝઘડો થઇ ગયો. અજયને ગુસ્સો આવ્યો એટલે એણે નીચે પડેલ પત્થર ઉપાડી વિજય તરફ ફેંકયો, વિજય એલર્ટ હતો એટલે જેવો એણે પત્થર પોતાની તરફ આવતાં જોયો એટલે એ નીચે બેસી ગયો અને પત્થર એની પાછળ ઊભેલા જયને વાગ્યો, જયને માથામાંથી લોહી નીકળવા લાગ્યું, એ અજય ઉપર ગુસ્સે થયો, તેં મને કેમ પત્થર માર્યો, મેં તારું શું બગાડયું હતું ? અજયે કહ્યું, મેં તને પત્થર માર્યો જ નથી. મેં તો વિજયને માર્યો હતો, એ નીચે બેસી ગયો એટલે પત્થર તને વાગ્યો એમાં હું શું કરું, વાંક વિજયનો છે, એને કહે. જય, વિજય પાસે જાય છે, તારા કારણે મને પત્થર વાગ્યો. વિજય કહે છે, હું શું કરું, મારો કોઇ વાંક જ નથી. મેં તો માત્ર મારો બચાવ કર્યો છે, જેણે પત્થર માર્યો છે એને કહે !

બધાં એકબીજાને ગુનેગાર માને છે, સાચો ગુનેગાર કોણ છે ? તમે કોને ગુનેગાર માનો છો ?

ત્યાં ઊભેલાં ઘણા બધાં ભાઇઓને પૂછવામાં આવ્યું કે, આમાં કોનો વાંક છે ? કોણ ગુનેગાર છે ?

કોઇએ કહ્યું પત્થર મારનાર અજય ગુનેગાર છે તો કોઇએ કહ્યું વિજય ગુનેગાર છે, કેમકે એણે પહેલાં અજયને માર્યું એટલે અજયે એને મારવા પત્થર લીધો.

ભગવાન કહે છે, ખરો ગુનેગાર જયના ભૂતકાળના કર્મો છે. એણે ભૂતકાળમાં કોઇને માર્યું હશે એટલે આજે એને માર ખાવો પડયો. બની શકે ત્રણેય નિર્દોષ હોય અને બની શકે ત્રણેય ગુનેગાર હોય. બની શકે પત્થર મારનાર ગુનેગાર હોય, બની શકે બેસી જનાર ગુનેગાર હોય અને બની શકે પત્થર જેને વાગ્યો છે એના કર્મો ગુનેગાર હોય શકે.

માટે જ, એક સિધ્ધાંત કાયમ યાદ રાખવાનો: **આમ પણ હોય શકે અને આમ પણ હોય શકે !**

અનેકાંતવાદની અંદર દરેક શક્યતાઓનો સ્વીકાર હોય છે. જ્યાં શક્યતાઓનો સ્વીકાર થતો હોય, ત્યાં પક્કડ ઘટતી હોય. પક્કડ ઘટે એટલે સમસ્યાઓ પણ ઘટે અને પીડા પણ ઘટે. અનેકાંતવાદના સિધ્ધાંતને સમજનાર વ્યક્તિ કયારેય આગ્રહી હોતી નથી.

માનો કે, તમને કોઇ સમય પૂછે છે, એ સમયે 10:00 વાગ્યા છે. તમે ઘડીયાળમાં જોઇને કહો છો દસ વાગ્યા છે, પણ ખરેખર એ સમયે દસ વાગીને એક મિનિટ થઇ ગઇ છે. તો તમે સાચુ બોલ્યા કહેવાઓ કે ખોટું બોલ્યા કહેવાઓ ? તમે સાચા પણ

હોય શકો અને તમે ખોટા પણ હોય શકો, કેમકે, જ્યારે તમે ઘડીયાળમાં જોયું ત્યારે દસ વાગ્યાં હતાં અને કહ્યું ત્યારે દસને એક મિનિટ થઇ ગઇ હતી.

કોઇ પણ વ્યક્તિ કયારેક સાચી પણ હોય શકે અને કયારેક ખોટી પણ હોય શકે. તમે તમારા પ્રમાણે સાચા હોય શકો અને સામેવાળા એમના પ્રમાણે સાચા હોય શકે.

જ્યાં 'હોય શકે' શબ્દ આવે, ત્યાં તમામ સમસ્યાઓનું સમાધાન થઇ જાય.

જે બીજાને અયોગ્ય માને છે, તે કયારેય યોગ્ય હોતા નથી.

જે યોગ્ય હોય એને કોઇ અયોગ્ય લાગતાં નથી.

દરેક સ્થિતિ, દરેક સંયોગ, દરેક વ્યક્તિ અને દરેકનો સ્વભાવ આમ પણ હોય શકે અને આમ પણ હોય શકે. જો દરેક શક્યતાઓનો સ્વીકાર કરી લઇએ તો કોઇ દિવસ સંઘર્ષ થાય નહીં. જ્યારે કોઇ એક સિધ્ધાંતની પક્કડ રાખીએ છીએ ત્યારે અન્ય સિધ્ધાંતો અયોગ્ય બની જાય છે.

ભગવાન મહાવીરને કયારેય કોઇ ખોટા લાગતાં ન હતાં, કેમકે ભગવાન મહાવીર માત્ર આજને જ નહીં આવતીકાલને પણ જોવાવાળા હતાં.

જે સમયે રોજની સાત હત્યા કરવાવાળો અર્જુન માળી પ્રભુના સમવશરણમાં આવે છે ત્યારે ત્યાં ઉપસ્થિત દરેકને લાગે છે કે ખૂની આવ્યો જ્યારે પ્રભુ મહાવીરને થાય છે, 'મુનિ આવી રહ્યાં છે' અને ખરેખર, અર્જુનમાળી પ્રભુબોધ વચનોથી ભાવિત થઇ દીક્ષા ગ્રહણ કરી અર્જુનમુનિ બની જાય છે.

ભગવાને કહ્યું છે, અજ્ઞાની વ્યક્તિ ભૂતકાળ જોઇને એના પ્રત્યે પક્કડ રાખે છે જ્યારે જ્ઞાની એના ભવિષ્યકાળ જોઇને એના પ્રત્યે ભાવ રાખે છે.

બની શકે છે, જેનો ભૂતકાળ ખરાબ હોય, તેનો ભવિષ્યકાળ સારો પણ હોય શકે છે અને બની શકે છે, જેનું વર્તમાન એકદમ સરસ હોય એનું ભવિષ્ય ખરાબ થઇ શકે છે.

એકાંતવાદ એટલે હું માનુ છું તે જ સાચું, અનેકાંતવાદ એટલે જેટલું સાચુ છે તે હું માનું છું..

એક જ શબ્દ યાદ રાખવાનો અનેકાંતવાદ !

પાંચ અંધ વ્યક્તિઓ હાથીના શરીરને જુદી-જુદી જગ્યાએ સ્પર્શ કરે છે. એક કહે છે જેના કાન સૂપડાં જેવા હોય એ હાથી હોય, એક કહે છે જેનું નાક લાંબુ હોય એ હાથી હોય, એક કહે છે જેના પગ થાંભલા જેવા હોય એ હાથી હોય, એક કહે છે જેનું પેટ મોટું હોય એ હાથી હોય અને એક કહે છે જેની પૂંછડી નાનકડી હોય એ હાથી હોય. દરેકને પોતાની વાત સાચી લાગે છે, એટલે પોતાના વિચારોની પક્કડ આવી જાય છે.

અનેકાંતવાદ સમજનાર કહેશે મોટા પેટવાળો પણ હાથી હોય અને સૂપડાં જેવા કાનવાળો પણ હાથી હોય. થાંભલા જેવા પગવાળો પણ હાથી હોય અને નાની પૂંછડીવાળો પણ હાથી હોય.

જ્યાં અનેકાંતવાદ ભૂલાય જાય છે ત્યાં અશાંતિ શરુ થાય છે અને જ્યાં અનેકાંત આવી જાય છે, ત્યાં અશાંતિ પર પૂર્ણવિરામ લાગી જાય છે. એકાંતવાદમાં પક્કડ હોય અને મનમાં પીડા હોય. જેનામાં પક્કડ હોય એના ચહેરા પર સ્મિત ન હોય. જેનામાં પક્કડ ન હોય તેના ચહેરા પર સદાય પ્રસન્નતા હોય.

જેની માન્યતામાં 'હોય શકે' શબ્દ હોય, તે વ્યક્તિના હૃદયમાં હળવાશ હોય અને ચહેરા પર હાસ્ય હોય. જેનામાં દરેક સ્થિતિને સમજવાની શક્તિ હોય છે, તેનામાં સહનશક્તિ આવ્યા વિના રહેતી નથી.

દરેક શક્યતાઓનો સ્વીકાર કરવો, દરેક પરિસ્થિતિને સમજવી અને દરેક એંગલથી દરેક દૃશ્યને જોવું એ છે અનેકાંત !

માનો કે, તમે તળેટીમાં છો અને તમારે શિખરે પહોંચવુ છે, તો પહેલું પગથિયું પકડવું પડે અને બીજા પગથિયાં પર ચઢવા માટે પહેલું પગથિયું છોડવું પડે. ત્રીજા પગથિયાં પર ચઢવા માટે બીજું પગથિયું છોડવું પડે. એટલે કયારેક જે પકડવા જેવું હોય છે, એ જ કયારેક છોડવા જેવું પણ હોય છે.

પીડા એને જ થાય છે, જેનામાં અનેકાંતની પ્રજ્ઞા નથી હોતી.

આમ પણ હોય શકે અને આમ પણ હોય શકે. એ અનેકાંતનો સિધ્ધાંત છે.

એટલે એક નિયમ યાદ રાખવાનો,

કોઇ સાથે વાદ નહીં, કોઇ સાથે વિવાદ નહીં અને કોઇ સાથે વિખવાદ નહીં. મારી વાત પણ સાચી અને તારી વાત ખોટી નથી.

ઑટોમેટિક દરેક સમસ્યાઓનું સમાધાન થઇ જશે.

ન કોઇના ભાવોને હર્ટ થશે, ન કોઇના ભાવોની હિંસા થશે. એ એના ભાવમાં, હું મારા ભાવમાં, સહુ-સહુના ભાવમાં !

માટે જ, અનેકાંતવાદના સિધ્ધાંતની સમજ એટલે ભાવહિંસાથી મુક્ત થવાનો શ્રેષ્ઠ ઉપાય !

"તમારી માનવતા એ માત્ર
માનવતા જ ન હોવી જાઈએ.
તમારી માનવતા
એક બીજ સમાન હોવી જોઈએ.
એ માત્ર ફળરૂપ ન હોવી જોઈએ કે જે
ફળ મળ્યું તે માત્ર તમે જ ખાઈ લીધું
અને વાત પૂરી થઈ ગઈ.
માનવતાનું તો બીજ વાવવું જોઈએ.
આજે બીજ વાવ્યું, અનેક ફળો આવશે
અને એમાંથી બીજા અનેક
માનવતાના વૃક્ષ ઊગશે."

નાનપણમાં બાલ્યવયે...
આંગણમાં મોર અને પંખીઓને જોઈને...

અમે વિચાર્યું...

પંખીને ઉડાડીએ તો કેવી મઝા આવે ?
અમે એમની પાછળ દોડયાં,
એમને ફર ફર ઉડતાં જોઇને ખુશ થયાં.

તમે ચિંતવ્યું...

જેમ મને અત્યારે ભૂખ લાગી છે,
તેમ આ પંખીઓને પણ ભૂખ લાગી હશે ને !
મેં તો રાત્રે પણ ખાધું, પણ એમણે તો સાંજ પછી કાંઇ જ ખાધું નથી !!

અને આયે નિયમ કર્યો,
પહેલાં પંખીઓને દાણા પછી મારું દૂધ !!

- ગુરુભક્ત મહેતા પરિવાર

ભવ્ય જીવોના ભાવો ક્યારેક વર્ધમાન એટલે કે ઉત્કૃષ્ટ થતાં હોય છે, ક્યારેક હિયમાન એટલે કે મંદ થતા હોય છે તો ક્યારેક અવસ્થિત એટલે કે સ્થિર રહેતાં હોય છે. પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ દરેક સમયે વ્યક્તિમાં ત્રણ પ્રકારના ભાવો થતાં હોય છે. ભાવો જ્યારે વર્ધમાન હોય છે, ત્યારે આયુષ્ય બંધની શક્યતા વધારે હોય છે. જ્યારે કોઈ આધ્યાત્મિક ઉત્સવ, પર્વ કે તીર્થંકરનો જન્મોત્સવ આદિ હોય ત્યારે ભવ્ય જીવોના ભાવો વર્ધમાન થતા હોય છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં સંવત્સરીના દિવસે આયુષ્ય બંધની શક્યતા સૌથી વધારે હોય છે, માટે એ દિવસ વિશુધ્ધિની પ્રેરણાનો દિવસ હોય છે.

જેમ-જેમ ભાવોની વિશુધ્ધિ થાય, તેમ-તેમ કર્મોની નિર્જરા થાય. જેમ-જેમ ભાવોની વિશુધ્ધિ થાય, તેમ - તેમ ભદ્રપુણ્યનો બંધ થાય. ભાવોની શુધ્ધિના આધારે તમને આવતા ભવમાં ક્યા પરિવારમાં કેવા પરિવારમાં જન્મ મળશે એ નક્કી થાય છે.

આવતા ભવમાં તમને શું જોઈએ છે ? આ જ પરિવાર કે પછી પ્રભુનો પરિવાર ?

પ્રભુ ! મને આમાંથી કોઈ મળે કે ન મળે, પ્રભુ ! મને તમારો પરિવાર જોઈએ છે. પ્રભુ મને પિતા રૂપે અને ગુરુ મને સ્વજન રૂપે જોઈએ છે.

ક્યારેય વિચાર્યું છે આવું ?

આવતા ભવમાં તમને કઈ જાતિ, કયું કૂળ, કેવું બલ, કેવું રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્ય મળશે, એ સંવત્સરીના દિવસે નક્કી થાય છે, કેમકે એ દિવસે સૌથી વધારે મેગ્નેટિક વેવ્સ પસાર થતાં હોય છે, એટલે ભાવો વર્ધમાન હોય છે.

એ સમયે જો ભાવોને શુધ્ધ કરવાનો પુરુષાર્થ કરીએ તો ભવિષ્યને ભવ્ય બનાવી શકીએ.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ શા માટે હોય છે ?

પર્વાધિરાજ પર્યુષણ આવતા જન્મના પ્લાનીંગ માટે હોય છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં જે સ્વયંના ભાવોને વિશુધ્ધ કરે છે તેમને ભવિષ્યમાં પરમાત્માના પરિવારમાં જન્મ મળે એવા ઉત્કૃષ્ટ પુણ્યબંધ થાય છે. કેટલાંને વિશ્વાસ અને આત્મવિશ્વાસ હશે કે આવતાં ભવમાં જેમ વર્ધમાન માટે સિધ્ધાર્થ રાજા, ત્રિશલા અને નંદીવર્ધન હતાં તેમ તમે તીર્થંકર માટે હશો ?

આ પર્વાધિરાજ પર્યુષણમાં એવી ભાવવિશુધ્ધિ કરીએ, જે આવતા ભવે પરિવાર સિધ્ધિ અપાવે.

પરિવાર સિધ્ધિ એટલે તીર્થંકર પરમાત્માનો પરિવાર મળે, ધર્મ પરિવાર મળે, હું કદાચ અધર્મમાં સૂઈ જાઉં તો મને કોઈ જગાડવાવાળું મળે, કદાચ મારી અંદરમાં પ્રમાદ આવી જાય તો કોઈ મને પુરુષાર્થનો દીપક પ્રજ્વલિત કરતાં શીખવે અને એવો પરિવાર મળે તો પ્રમાદ પૂર્ણવિરામ પામે.

આવા પરિવારમાં જન્મ મળે એવું કરી શકાય કે નહી ?

હા ! ભાવશુધ્ધિ, પરિવાર સિધ્ધિનું કારણ છે.

ભાવશુધ્ધિ કેવી રીતે કરી શકાય ?

માનો કે, તમે ઉપાશ્રય કે ધર્મ સ્થાનકમાં પ્રવચન સાંભળવા જઈ રહ્યાં છો, અને રસ્તામાં તમને કોઈ પૂછે છે, ત્યારે તમે શું જવાબ આપશો ?

અમારા પર્યુષણ છે એટલે પ્રવચન સાંભળવા

જાઉં છું. એના બદલે તમે એમ કહો કે, **હું પ્રભુતુલ્ય પ્રભુના વારસદારના સમોવશરણમાં પ્રભુની અમૃત તુલ્ય વાણીનું શ્રવણ કરી, મારા આત્માને ભાવિત અને પ્રભાવિત કરવા જઈ રહ્યો છું.**

બંને વાક્યોમાં ફરક પડે કે નહીં ?

જેવા તમારા આ ભવમાં મન, વચન, અને કાયાનો યોગ, એવો જ તમારો આવતા ભવમાં પરિવારનો યોગ ! માનો કે, તમને કોઈ પૂછનાર નથી તો તમે સ્વયં તમારા આત્માને કહી શકો,

હે આત્મન્ ! આજ તું ધન્ય થવાનો છે. આજે તને પ્રભુના વારસદાર એવા સંતોના દિવ્ય સમોવશરણમાં તને આજે પ્રભુની વાણી શ્રવણ કરીને, તારા આત્માને ભાવિત કરવાનો ધન્ય અવસર પ્રાપ્ત થયો છે.

કહી શકો ને ? આવું કહો તો ભાવ શુધ્ધ થાય કે નહી ?

ભાવશુધ્ધિ કેવી રીતે થાય ?

માનો કે, તમે ઉપાશ્રય, દેરાસર કે ધર્મ સ્થાનકમાં પગથિયાં ચઢો છો તે સમયે તમારા ભાવ કેવા હોવા જાઈએ ?

આજ મારો આત્મા ધન્ય બન્યો છે, અનંતા પુણ્યના ઉદયે આજે ધર્મક્ષેત્રના પગથિયાં ચઢવાનો યોગ સર્જાયો છે. પ્રભુ ! દરેક ભવમાં મને આવો અવસર આપજો, કેમકે, આ પગથિયાં ચઢતાં - ચઢતાં પ્રભુ હું મોક્ષના, સિધ્ધત્ત્વના પગથિયાં ચઢી શકીશ. પ્રભુ ! આ પગથિયાં મને વારંવાર મળજો.

આવા ભાવો સાથે જ્યારે તમે ધર્મક્ષેત્રની ભૂમિને વંદન કરો છો ત્યારે તમારા ભાવોમાં અંતરથી વિનયભાવ અને ઉપકારભાવ પ્રગટ થશે.એ ઉપકારભાવોના કારણે તમારા આત્મા પરથી અનંતા ચારિત્ર મોહનીય કર્મો ક્ષય થઈ જશે અને તમારા ભાવો વર્ધમાન થઈ જશે.

ઘણીવાર શું બને, થોડાં મોડાં ઉઠયાં હો એટલે શું વિચાર આવે ? આજે તો મોડું થઈ ગયું છે, હજુ તો દિવસો છે કાલે જઈશું. આવા વિચારો હોય ત્યાં ભાવ વિશુધ્ધિ કેવી રીતે થાય ?

પર્યુષણ પર્વના દિવસો હોય અને વ્હેલી સવારે ઊંઘ ઊડી જ જાય. ઉઠયા પછી પણ શું દેખાવું જોઈએ ? વૉશરૂમ કે સમોવશરણ ? દેહધર્મ દેખાવો જોઈએ કે આત્મધર્મ અનુભવાવો જોઈએ ?

ધર્મ સ્થાનકમાં પ્રવેશ થતાં જ બે હાથ જોડાઈ જવા જોઈએ અને અંતરમાં ભાવ થવા જોઈએ કે, પ્રભુ ! આપના શુધ્ધ આત્મા સાથે એક અશુધ્ધ આત્મા જોડાઈ રહ્યો છે, શુધ્ધ થવા માટે ! પ્રભુ ! મારે શુધ્ધ થવું છે, વિશુધ્ધ થવું છે. પ્રભુ ! જ્યાં સુધી હું તારી સમક્ષ છું ત્યાં સુધી મારા હાથ જોડાયેલાં રહે એવી કૃપા કરજો !

આવું માત્ર બોલવાનું ન હોય, અનુભવવાનું હોય. જેમ-જેમ અનુભૂતિ વધતી જાય, તેમ-તેમ ભાવવિશુધ્ધિ થતી જાય. પ્રભુની વાણીનું શ્રવણ કરતાં-કરતાં ફરી એકવાર આત્માને કહેવાનું,

હે આત્મન ! આજે આ ઈન્દ્રિયો ધન્ય બનશે. આ ઈન્દ્રિયો દ્વારા મેં સંસારમાં અનંત પાપ કર્યા છે, એ પાપોની વિશુધ્ધિ કરવા માટે, ઈન્દ્રિયોનું પ્રક્ષાલન કરવાનો મને અવસર પ્રાપ્ત થયો છે.

હે પ્રભુ ! તારા ચરણ અને શરણમાં, તારી જ્ઞાનવાણીનાં શ્રવણમાં મારી ઈન્દ્રિયો એકાગ્ર થાય, એકતાર થાય એવી કૃપા કરજો. જે દિવસે અંતરમાં આવા ભાવો ઉદ્ભવે છે, ત્યારે ભાવો શુધ્ધ - વિશુધ્ધ થાય છે અને ત્યારે પર્યુષણ કે કોઈ પણ સાધના સફળ અને સાર્થક થાય છે.

મોટાભાગના ભાવિકો જ્યારે ધર્મસ્થાનકમાં આવતા હોય, ત્યારે ન હાથ જોડાયેલાં હોય, ન નયનમાં નમનના ભાવ હોય, ન હૃદયમાં પ્રભુ પ્રત્યેની સંવેદના હોય, ન અંતરમાં શ્રેષ્ઠની પ્રાપ્તિનો અહોભાવ હોય, એટલે અનુભૂતિમાં પણ કાંઈ ન હોય.

તીર્થંકર પ્રભુ મહાવીરે અંતિમ દેશનામાં એમના શ્રીમુખેથી ફરમાવ્યું છે કે,

चत्तारी परमंगाणि, दुल्लहाणीह जंतुणो।
माणुसत्तं सुई सध्दा, संजमम्मि य वीरियं।।

મનુષ્ય ભવ, જિનવાણીનું શ્રવણ, જિનવાણી પ્રત્યે શ્રધ્ધા અને સત્યની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ, આ ચાર યોગ અતિ-અતિ-અતિ દુર્લભ છે.

આવી દુર્લભ પ્રાપ્તિ પછી તેના પ્રત્યે આદર અને ઉપકારભાવ હોવો જોઈએ, ભાવિને ભવ્ય બનાવવાનું પ્લાનીગ અને પુરુષાર્થ કરવો જોઈએ. આ પર્યુષણને બનાવો, ભાવ વિશુધ્ધિના પર્યુષણ.

આ પર્યુષણને બનાવો, આવતા ભવના પરિવારના પ્લાનીગના પર્યુષણ !

મારા પર્યુષણ મારી જાતિ, કૂલ, બલ, રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્યના નિર્માણકર્તા છે. મારા પર્યુષણ મારા આવતા ભવનું બુકીંગ કરવા માટે છે.

'જેટલાં ભાવોની
વિશુધ્ધિ એટલી શ્રેષ્ઠતાની પ્રાપ્તિ !'



પ્રભુ !
પ્રભુ બનવું તારી મોનોપોલી નથી, તારું જ શરણું લઈ હું પ્રભુ બની શકીશ...

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દર વર્ષે આવે અને દર વર્ષે બધાં ઉજવે. પર્યુષણ શા માટે ઉજવવાના હોય ?

પર્યુષણ આત્માને શુધ્ધ કરવા માટે હોય. જેમને આત્માને શુધ્ધ કરવાના ભાવ હોય, આત્માને શુધ્ધ કરવાનું લક્ષ હોય એમને માટે પર્યુષણ પુરુષાર્થ પ્રારંભ કરવાનું પરિબળ હોય છે.

જે શુધ્ધ થાય છે તે સિધ્ધ થાય છે.

પર્વાધિરાજ પર્યુષણનો સંદેશ છે :

નિરાશાને ખંખેરી નાંખો :

ઘણા બધાં માનતા હોય છે કે, ગમે તેટલું કરવા છતાં મારો ક્રોધ શાંત થતો નથી, મારા રાગ - દ્વેષ ઘટતાં નથી, મારાથી આ થઈ શકતું નથી, હું આ કરી શકું નહીં...

આજે તમારી આ માન્યતાઓનું પરિવર્તન કરી ધ્યો. તમારા આત્માને એક આશ્વાસન આપો.

તમે પણ શુધ્ધ થઈ શકો છો, તમે પણ સિધ્ધ થઈ શકો છો. તમારી અંદરમાં એક વિશ્વાસને દૃઢ કરી ધ્યો.

જે મારા પરમાત્મા કરી શકે છે, તે હું કરી શકું છું. મારા પ્રભુએ જે કર્યું છે એ હું પણ કરી શકું છું, હું પણ મારા આત્માને શુધ્ધ કરી, સિધ્ધ બની શકું છું. હું પણ પ્રભુ બની શકું છું. પર્વાધિરાજ પર્યુષણ અવસરે, પ્રભુને પ્રાર્થના કરો...

હે પ્રભુ ! હું અશુધ્ધ છું, માટે તારા શરણે શુધ્ધ થવા આવ્યો છું. મારે અશુધ્ધમાંથી શુધ્ધ થવું છે. મારે અવગુણીમાંથી ગુણવાન બનવું છે. મારે દોષીમાંથી દોષમુક્ત થવું છે. પ્રભુ ! તમે શુધ્ધ બની ગયાં છો અને મને માર્ગ આપી ગયા છો કે શુધ્ધ બની શકાય છે. પ્રભુ ! મારે શુધ્ધ થવું છે. આ પ્રાર્થના સાથે - સાથે સ્વયંમાં રહેલાં નેગેટીવભાવને દૂર કરો, તમારા અંદરમાં રહેલી નિરાશાને ખંખેરી નાંખો. મારાથી કાંઈ થતું નથી, આટલાં વર્ષો પર્યુષણ ઉજવ્યા, આટલી સાધના - આરાધના કરી પણ કાંઈ વધારે ફરક પડતો નથી. મારાથી કાંઈ થતું નથી, મારાથી કાંઈ થશે નહીં. આવા નિરાશાના ભાવોને ખંખેરી નાંખો.

શુધ્ધિ હર એક આત્મા કરી શકે છે, જે પુરુષાર્થ કરે છે તે અવશ્ય શુધ્ધ થાય છે, જે પુરુષાર્થ નથી કરતાં તે અશુધ્ધ રહી જાય છે.

આજે તમારા આત્માને એક પૉઝીટીવ મેસેજ આપો. હું પણ શુધ્ધ થઈ શકું છું. હું પણ મારા આત્માને પરમાત્મા બનાવી શકું છું. મારામાં પણ પરિવર્તન આવી શકે છે. જો હું પુરુષાર્થ કરીશ તો હું પરમાત્મા જેવો બની શકીશ.

મારાથી ન થઈ શકે એ તમારી નિરાશા છે અને મારાથી થઈ શકે, એ તમારો પુરુષાર્થ છે.

આજે અંતરમનમાં એક વાત સ્થિર કરી ધ્યો કે, પ્રભુ બનવું એ પ્રભુ દ્વારા મારા પર કરેલી કૃપા છે, પ્રભુ કહે છે, આજે હું જેવો છું તેવો તું પણ બની શકે છે. જે મારું સ્થાન છે, ત્યાં તારું સ્થાન પણ બની શકે છે, જે મારું જ્ઞાન છે તેવું તારું જ્ઞાન પણ પ્રગટી શકે છે, જે મારા ભાવ છે, તેવા તારા ભાવ પણ થઈ શકે છે.

જૈનધર્મનો આ સર્વશ્રેષ્ઠ સિધ્ધાંત છે, જેવા મારા પરમાત્મા તેવો હું, જેવો પુરુષાર્થ એમણે કર્યો, તેવો પુરુષાર્થ હું પણ કરી શકું છું. જેવી પાત્રતા મારા પ્રભુ મહાવીરની, જેવી પાત્રતા પ્રભુ આદિનાથની અને જેવી પાત્રતા સર્વ તીર્થંકર

પરમાત્માની, તેવી જ પાત્રતા મારામાં પણ છે માત્ર એને પ્રગટ કરવાની જરૂર છે . માટે જ , આજથી નિરાશાને ખંખેરી નાંખો અને એક દૃઢ નિર્ણય પર આવો કે, પ્રભુ ! એક દિવસ હું પણ તારા જેવો બનીશ, તમારા આ નિર્ણયને, તમારી ભાવના બનાવી દયો અને દરરોજ એ ભાવને દઢ કરો તો એક દિવસ પુરુષાર્થનો પણ પ્રારંભ થઈ જશે. આજે નિર્ણય કરશો તો કાલે પુરુષાર્થ થશે. કાલે પુરુષાર્થ થશે તો પરમ દિવસે સફળ થઈ શકશો.

પણ ખોટ ક્યાં છે ? પ્રોબ્લેમ ક્યાં છે ?

દર વર્ષે પર્યુષણ આવે છે, દર વર્ષે તમે તમારી ડોલ કૂવામાં નાંખો છો. ડોલ ભરાય એટલે દોરી ખેંચી બહાર કાઢો છો, પણ ડોલ જ્યાં ઉપર આવે છે ત્યાં સુધીમાં તો ખાલી થઈ ગઈ હોય છે.

દર વર્ષે ધર્મક્ષેત્ર રૂપી કૂવામાં તમે તમારા આત્માને પ્રભુ જ્ઞાનવાણીથી ભરવા લઈ આવો છો. આઠ દિવસ તમને લાગે છે કે મારી ડોલ ભરાઈ ગઈ છે પણ જેવાં પર્યુષણ પૂરા થાય અને ધાર્મિક વાતાવરણથી બહાર આવો ત્યારે સમજાય કે મારી ડોલ તો ખાલી જ છે. ડોલ ભરાયેલી કેમ નથી રહેતી ? કેમકે, ડોલમાં નીચે નિરાશારૂપી કાણું છે. ગામડામાં જ્યારે ડોલમાં કાણું પડી જાય ત્યારે લોકો તેમાં રેણ કરાવે એટલે કાણું બંધ થઈ જાય, પછી પાણી નીકળી ન જાય.

પર્વાધિરાજ પર્યુષણ તમારી ડોલમાં પડેલાં નિરાશાના કાણાં પર રેણ મારવા માટે છે, રેણ શેનાથી મરાય ?

નિરાશાનું રેણ છે પૉઝીટીવીટી, તમારો આત્મવિશ્વાસ, તમારો સંવેગ ભાવ ! મારાથી કાંઈ નહીં થાય- તો ડોલ ખાલી થઈ જવાની છે. મારાથી બધું થઈ શકશે- તો ડોલ ભરાય જવાની છે.

જરૂર શેની છે ? ડોલ ભરવાની કે કાણું બંધ કરવાની ? પુરુષાર્થ શેનો કરવો જોઈએ ? પહેલાં ડોલ ભરવાનો કે પહેલાં કાણું બંધ કરવાનું ?

મારે પહેલાં કાણાં બંધ કરવા છે. મારે પહેલાં મારી નિરાશા અને નેગેટીવીટીને દૂર કરવા છે, મારે મારી નિરાશાને ખંખેરી નાંખવી છે, મારાથી પણ શુધ્ધિ થઈ શકે છે. આજે થોડી શુધ્ધિ થશે તો કાલે ચોક્કસ થોડી વધારે શુધ્ધિ થશે અને એમ કરતાં કરતાં એક દિવસ પૂર્ણ શુધ્ધ થઈ શકીશ.

તમારી અનિત્યતાની પ્રજ્ઞાને વધારો :

પર્વાધિરાજ પર્યુષણ કોણ ઉજવી શકે ?

પર્વાધિરાજ પર્યુષણ મનુષ્ય જ ઉજવી શકે. આત્મશુધ્ધિ કરી શકાય એવો ભાવ અને એવો ભવ માત્ર મનુષ્યનો જ છે. તિર્યંચના જીવો ક્રોધ કરી શકે પણ ક્ષમાપના ન કરી શકે, આ સમજ માત્ર મનુષ્ય પાસે હોય.

સમજ વધે તો પર્યુષણ સાર્થક કહેવાય.

સમજ ઘટે તો પર્યુષણ નિરર્થક કહેવાય.

પર્યુષણ સંપન્ન થાય ત્યારે તમારી પાસે પ્રભાવનાની મૂડી વધવી જોઈએ કે પ્રભુના પ્રભાવની મૂડી વધવી જોઈએ ? પ્રભુનો પ્રભાવ પ્રજ્ઞાનો હોય.

પ્રજ્ઞાની મૂડી વધારવા વિશુધ્ધિ કરવી જરૂરી છે. જો પ્રજ્ઞા વધે તો પ્રોબ્લેમ ઘટે. જેમ - જેમ આત્માની વિશુધ્ધિ થતી જાય, તેમ - તેમ પ્રજ્ઞાનું પ્રાગ્ટય થતું જાય.

આત્માની વિશુધ્ધિ કરવા અને પ્રજ્ઞાનું પ્રાગ્ટય કરવા અનિત્યતાનો ભાવ અનુભવાવો જોઈએ.

સંસારમાં આત્માને અશુધ્ધ કરનારા અનેક તત્ત્વોમાંથી ત્રણ તત્ત્વો મુખ્ય છે : શરીર, સંબંધો અને સંયોગો. આત્માને અશુધ્ધ કરનારા તમામ ભાવોની પાછળ ત્રણ માન્યતાઓ મુખ્ય ભાગ ભજવે છે.

• શરીર શાશ્વત • સંબંધો શાશ્વત • સંયોગો શાશ્વત જો આ માન્યતાનું પરિવર્તન થઈ જાય તો આત્માને અશુધ્ધ કરનાર રાગ - દ્વેષ ઘટયા વિના રહે જ નહી. શરીર, સંબંધો અને સંયોગો અશાશ્વત છે, અનિત્ય છે, આ બોધ જેમને સમજાય જાય તેની શુધ્ધિ થવા લાગે.

પર્વાધિરાજ પર્યુષણમાં તમારા સેલ્ફને બોધ આપી દયો : આત્મા સિવાય બધું અનિત્ય છે, અશાશ્વત છે. શરીર તો અંતે મૃત્યુ પામવાનો સ્વભાવ લઈને આવ્યું છે. સંબંધો તો બધાં એકસપાયરી ડેઈટ લઈને આવ્યા છે. સંયોગો એક પણ કાયમ રહેવાવાળા નથી. આ ત્રણે અનિત્ય છે એને ગમે તેટલાં પકડી રાખવાનો પ્રયત્ન કરશો, એ રહેવાવાળા નથી. જો એ રહેવાવાળા નથી તો એની માટે વધારે મોહ રાખવા જેવો નથી. એના માટે વધારે રાગ - દ્વેષ કરવા જેવા નથી.

જેમ - જેમ અનિત્યતાની પ્રજ્ઞા વધે છે, વ્યક્તિ જ્યાં હોય, ત્યાં શાંતિથી રહી શકે છે. જેમની પાસે અનિત્યતાની સમજ નથી તેમની અશાંતિનો પાર નથી.

પર્યુષણના અવસરે, આત્મશુધ્ધિના લક્ષ સાથે તમારે સર્વ પ્રથમ તમારી માન્યતાઓનું પરિવર્તન કરવાનું છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એક એવું પર્વ છે જ્યાં ઑટોમેટિક ભાવ જાગૃત થઈ જાય છે, અંદરથી એક પ્રેરણા જાગે છે, પોતાના આત્મા માટે કંઈક કરવાનો ઉલ્લાસ ભાવ પ્રગટે છે,પછી એ નાના બાળકો હોય, યંગસ્ટર્સ હોય કે વડીલો હોય. ક્યારેય ધર્મસ્થાનકમાં ન આવનારને પણ આ આઠ દિવસ ધર્મસ્થાનકમાં આવવાના અને ધર્મસાધના કરવાના ભાવ થાય છે અને એ દિશામાં પુરુષાર્થ પણ કરે છે.

અભિવંદનાનું અર્ઘ્ય

મારા ગુરુદેવ... જે અન્યથી અનન્ય છે !

ગંગાના નીર તો વધે અને ઘટે,
મારા ગુરુદેવની કરુણાનો પ્રવાહ એક સરખો વહે !

સૂર્ય અને ચંદ્ર તો ઉગે અને આથમે,
મારા ગુરુદેવના જ્ઞાનના તેજ એકસરખા પ્રકાશે !

આકાશ કેરા વાદળાં તો ઘડીક વરસે,
મારા ગુરુદેવની કૃપાના મેઘ બારેમાસ વરસે !

ચડતાં ચંદાની ચાંદની તો વધે અને ઘટે,
મારા ગુરુદેવના વાત્સલ્ય કયારેય ન ખૂટે !

સૂર્યના કિરણો તો વધે અને ઘટે,
મારા ગુરુદેવની આંખોના અમી અવિરત વહે !

ધાન આપનારી ધરતી પણ કયારેક રૂઠે,
મારા ગુરુદેવના સ્નેહની નદી રાત-દિન વહે !

માટે જ,
મારા ગુરુદેવ... અન્યથી અનન્ય છે.
અવિરત અભિવંદનાના અધિકારી છે !
વંદના... ભાવવંદના... અહોભાવનીવંદના !

- શ્રી દોશી પરિવાર, ચેન્નઇ.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

પર્વાધિરાજ પર્યુષણનો સંબોધિ સંદેશ :

જ્યારે કોઇ વ્યક્તિ સહુથી દૂર થાય છે, ત્યારે જ તે 'સ્વ' ની નજીક આવે છે. જ્યાં સુધી તે બધાંની નજીક છે ત્યાં સુધી તે પોતાની નજીક જઇ નથી શકતાં, જ્યાં સુધી પોતાની નજીક જઇ નથી શકતાં ત્યાં સુધી સિધ્ધોની નજીક જઇ નથી શકતાં. જેને સિધ્ધોની નજીક જવું છે, તેને 'સ્વ'ની સમીપ જવું જ પડે છે અને સહુથી દૂર પણ થવું જ પડે છે.

જે સ્વની નજીક જાય છે તે ન કોઇથી દૂર રહે છે અને ન કોઇની નજીક હોય છે. સ્વની નજીક જવું એટલે પરમાત્માની નજીક જવું. જે પરમાત્માની નજીક હોય તેને ન કોઇનાથી દૂર થવું પડે કે ન કોઇની નજીક જવું પડે.

ત્રિગુણની આરાધના

પર્વાધિરાજ પર્યુષણ શું છે ? દૂરનાને નજીક કરવાનો અવસર છે કે નજીકનાને દૂર કરવાનો અવસર છે ?

પર્યુષણ દૂર રહેલાંને નજીક કરે કે નજીકનાને દૂર કરે ?

પર્યુષણ આમ ગણો તો દૂર રહેલાંને નજીક કરવા માટે છે અને નજીકનાને દૂર કરવા માટે છે. અર્થાત્ જ્યાં રાગ છે, જેના પ્રત્યે એટેચમેન્ટ છે તેનાથી દૂર થવાનું છે, એટલે કે અલિપ્ત થવાનું છે અને જેમના પ્રત્યે દ્વેષ છે તેમની નજીક જવાનું છે, તેમની ક્ષમાપના કરવાની છે અને તેમની સાથેની સમસ્યાનું સમાધાન કરવાનું છે, આ જ છે પર્યુષણની આરાધનાનું જબરદસ્ત સિક્રેટ !

રાગ ઘટાડવાનો છે અને દ્વેષને દૂર કરવાનો છે. માત્ર પ્રવચનોને સાંભળવાના નથી

ત્રિગુણની આરાધના

પણ પ્રેક્ટીકલ પ્રયોગ દ્વારા અનુભૂતિ કરવાની છે અને ત્રિગુણની આરાધનાના સંકલ્પ સાથે પર્યુષણને સાર્થક કરવાના છે.

ત્રિગુણ એટલે ખામેમિ, મિચ્છામિ અને વંદામિ...

'ખામેમિ સવ્વે જીવા' એટલે જગતના સર્વ જીવો સાથે ક્ષમાપના કરવી છે, 'મિચ્છામિ દુક્કડમ' એટલે મારે જગતના સર્વ દુષ્કૃત્યોને મિથ્યા કરવા છે અને 'વંદામિ' એટલે મારે મારા ઉપકારી દેવ, ગુરુ અને ધર્મનું શરણું સ્વીકારવું છે. સર્વના શુભ, શ્રેય અને કલ્યાણની ભાવના ભાવવી છે. આ જગતમાં અનંતા જીવો એવા છે જેમને પર્યુષણ એટલે શું એ ખબર નથી, અનંતા જીવો એવા છે જેમને ક્ષમા, નમ્રતા, સરળતા, મૈત્રી, કરૂણા શું હોય એ ખબર નથી, અનંતા જીવો એવા છે જેઓ બકરીને કાપે છે અને મુર્ગીનું શાક ભોજનમાં વાપરે છે. અનંતા જીવો એવા છે જેઓ કેટલીય પ્રકારની હિંસાના પાપ કરે છે ત્યારે આપણે પરમ પુણ્યશાળી છીએ કે આપણને પાપથી બચવાનો અને ગુણોને પ્રગટ કરવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે અને આ અવસરને સહુથી દૂર થઇને અને સ્વની નજીક જઇને સાર્થક કરવાનો છે. આ જ પર્યુષણનું લક્ષ્ય છે.

આજ સુધી જેની નજીક ગયાં છીએ, જેની જેની પાસે રહ્યાં છીએ તે બધાંને સુખી કર્યા છે કે દુ:ખી ? અને એનું કારણ શું હોય શકે ? વ્યક્તિનો સ્વભાવ, વ્યક્તિના કર્મો, વ્યક્તિની પરિસ્થિતિ કે વ્યક્તિની મન :સ્થિતિ ? ? કારણ જે પણ હોય પણ, જેટલાં નજીક એટલાં દુ:ખી વધારે ! જેટલાં નજીક હતાં તે ક્યારે દૂર થઇ ગયાં ખબર જ ન પડી અને જેટલાં દૂર હતાં તે ક્યારે નજીક થઇ ગયાં તેની પણ ખબર ન પડી. નજીકવાળા પર વિશ્વાસ હતો કે એ મારાથી ક્યારેય દૂર નહીં થાય અને દૂરવાળા માટે કોઇ આશા ન હતી કે એ ક્યારેક નજીક આવશે. બધાં વિચારો અને બધી માન્યતાઓ ખોટી થઇ ગઇ અને આ બધું થવાનું કારણ છે સ્વયંનો સ્વભાવ અને છતાં વ્યક્તિ કહે છે, હું તેના કારણે દુ:ખી છું.

હું તેના કારણે દુ:ખી છું, એ મારો ભ્રમ છે.

કોઇ કોઇના કારણે દુ:ખી થઇ જ ન શકે. કોઇ કોઇને દુ:ખી કરી ન શકે. દુ:ખનું કારણ હોય છે વ્યક્તિનો પોતાનો સ્વભાવ અને એ સ્વભાવના કારણે જ તે સુખી અથવા દુ:ખી હોય છે.

વ્યક્તિ દુ:ખી થાય છે એના કર્મોના કારણે ! પોતાના કર્મો સિવાય કોઇ દુ:ખી કરી જ ન શકે. વ્યક્તિ દુ:ખી થાય છે સ્વયંની પરિસ્થિતિ અને મન : સ્થિતિના કારણે !

એટલે જ્યારે આપણે કોઇની નજીક જઇએ છીએ ત્યારે આપણે સુખી ઓછા થઇએ છીએ અને દુ:ખી વધારે કરીએ છીએ, કેમ ?

કેમકે, સંવત્સરી પછી પણ સ્વભાવ સુધરતો નથી. સંવત્સરી પછી પણ જે પરિવર્તન આવવું જોઇએ એ આવતું નથી.

ઘણા માનતા હોય છે કે, તે વ્યક્તિને દૂર કરી દઇશ તો હું સુખી થઇશ પણ પછી ખબર પડે છે કે તેને દૂર કરીને પણ દુ:ખી જ થવાય છે. એટલે કોઇની નજીક જવામાં પણ દુ:ખી થવાય છે અને કોઇની દૂર થવામાં પણ દુ:ખી થવાય છે,

ન કોઇની નજીક, ન કોઇની દૂર !

સહુથી દૂર અને સ્વની નજીક !

પર્વાધિરાજ પર્યુષણ પર્વ કેમ ઉજવવા પડે ? સંવત્સરી કેમ મનાવવી પડે ? ક્ષમાપના કેમ કરવી પડે ?

સર્વજ્ઞ ભગવાન કહે છે,

જ્યાં સંબંધ છે, ત્યાં સમસ્યા છે.

સમસ્યાનું જો સમયસર અને વહેલાસર સમાધાન કરવામાં ન આવે તો સમસ્યા વધતી જ જાય છે અને વધતી સમસ્યા વ્યક્તિના મનને, વચનને અને કાયાને અશાંત કરી દે છે. જ્યારે મન, વચન અને કાયા અશાંત થાય છે ત્યારે તેની સીધી અસર આત્મા પર પડે છે અને આત્મા પણ અશાંત થઇ જાય છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ અશાંતને શાંત કરવાનું પર્વ છે.

સંવત્સરી સમસ્યાના સોલ્યુશન માટે હોય છે.

પર્યુષણ એ સહુથી દૂર થઇ, સ્વ આત્માની નજીક જવાનો અવસર છે.

જગતના મોટા ભાગના ઉત્સવો કાં પરમાત્મા તરફ લઇ જનારા હોય છે અથવા મનોરંજન કરાવનારા હોય છે યા ભોગ કે સામગ્રી તરફ લઇ જનારા હોય છે યા આદાન-પ્રદાન કરાવનારા હોય છે. એક પર્વાધિરાજ પર્યુષણ પર્વ એવું છે જે તમને સહુથી દૂર કરીને, તમને તમારી જ નજીક લઇ જાય છે. સહુથી દૂર થઇ સ્વ તરફ જવાની પ્રોસેસ જ્યારે શરૂ થાય છે ત્યારે શરૂઆતમાં વ્યક્તિને થોડી તકલીફ થાય છે, થોડું આકરૂં લાગે છે, પણ ધીમે ધીમે જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ રીયલાઇઝ થવા લાગે છે કે સ્વની નજીક જવામાં ખરેખર શાંતિ છે, સાચુ સુખ છે અને આ જ આ માનવ ભવની સાર્થકતા છે.

સહુથી જ્યારે દૂર થઇએ છીએ ત્યારે જ સ્વની નજીક જઇ શકીએ છીએ. જ્યાં સુધી દૂર નથી થવાતું ત્યાં સુધી નજીક નથી પહોંચાતુ.

બીજું સ્ટેપ છે,

ન કોઇની નજીક , ન કોઇની દૂર !

આવું શા માટે ? પરમાત્મા કહે છે, કોઇની નજીક થવાથી રાગ થાય છે અને કોઇથી દૂર થવાથી દ્વેષ થાય છે. રાગ અને દ્વેષ ન કરવા હોય તો ન કોઇની નજીક જવું, ન કોઇની દૂર ! આ એવું બેલેન્સ છે જેને કરવા માટે પરમાત્મા જેવા લેન્સ હોવા જોઇએ. જેને બેલેન્સ કરતાં આવડે તેને પર્યુષણ ઉજવવાની કે સંવત્સરી મનાવવાની જરૂર ન પડે.

પર્વાધિરાજ પર્યુષણ આપણને આ બેલેન્સ કરતાં શીખવે છે.

ફરિયાદનું સોલ્યુશન...

વીતરાગ પરમાત્મા... પરમાત્માને વીતરાગ શા માટે કહેવાય છે ? વીતરાગની વ્યાખ્યા શું હોય ? વીતરાગ એટલે રાગ જેમનો વીતી ગયો છે, રાગ જેમનો ક્ષય થઇ ગયો છે.

કોઇ વ્યક્તિને પાસે રાખવી કે દૂર રાખવી એ વ્યક્તિના સ્વયંના હાથમાં હોય છે. સ્વયંના વિચારો પર આધારિત હોય છે.

કેટલાંક એવા હોય જે જોજન દૂર છતાં પણ સાવ નજીક હોય અને કેટલાંક એવા હોય સાવ નજીક હોય છતાં જોજન દૂર હોય.

પર્યુષણમાં મુખ્યત્વે લોકો બે કાર્યો કરે છે, એક પ્રતિક્રમણ અને એક ક્ષમાપના !

પાપોના પ્રાયશ્ચિત રૂપે હોય છે પ્રતિક્રમણ અને સંબંધોને સુધારવા માટે હોય છે ક્ષમાપના !

લાઇફને એકદમ સહજ અને શાંતિપૂર્ણ પસાર કરવી હોય તો સૌથી વધારે લાઇફને ડીસ્ટર્બ કરવાવાળા તત્ત્વને ઓળખી લેવા જોઇએ. સૌથી વધારે ડીસ્ટર્બ કોણ કરે ? પારકા કે પોતાના ?

રોડ ઉપરથી પસાર થતાં કોઇ સાઇકલ કે કારવાળા છાંટા ઉડાડે તો 5-10 મિનિટ એના ઉપર ગુસ્સો કરી લ્યો, પછી એ યાદ પણ ન આવે પણ ઘરની કોઇ વ્યક્તિએ બે શબ્દ કહી દીધાં હોય તો બે દિવસ કે બે મહિના સુધી ભૂલાય નહીં, કદાચ બે વર્ષે પણ યાદ હોય ! ઘરની વ્યક્તિ નજીક છે અને એના પ્રત્યે રાગ છે, રાગ છે એટલે દ્વેષ છે.

જો રાગ ન હોય તો દ્વેષ પણ ન હોય.

રસ્તે જતી વ્યક્તિ પ્રત્યે રાગ નથી એટલે દ્વેષ પણ ન આવ્યો.

જે નજીક હોય, જેના પ્રત્યે રાગ હોય તેના માટે સંવત્સરી ક્ષમાપના હોય, પારકા માટે સંવત્સરી ક્યારેય ન હોય.

નાનપણથી લઇને આજ સુધી લાઇફમાં કેટલાં પાત્રો બદલાય ગયાં ? નાનપણના મિત્રો જુદા હતાં, સ્કૂલમાં જુદા હતાં, કોલેજમાં જુદા હતાં હવે બિઝનેસમાં જુદા છે. જેટલાં દૂર થયાં છે તે તમારા સ્વભાવના કારણે દૂર થયાં છે કે એના સ્વભાવના કારણે ? છતાં માણસ માત્ર ફરિયાદ બીજાની જ કરે છે.

ફરિયાદના સોલ્યુશન માટે હોય છે પર્વાધિરાજ પર્યુષણ.

ઘણીવાર એવું પણ બને કે કોઇ વ્યક્તિ લાગે કે તે આપણાથી દૂર થઇ ગઇ છે, પણ હકિકતમાં એ દૂર ન પણ થઇ હોય... એની પરિસ્થિતિ અને સંયોગો એવા સર્જાયા હોય કે, તમને લાગે તે મારાથી દૂર થઇ ગયાં છે. જેવી મનમાં આ માન્યતા ફીટ થઇ જાય એટલે પછી વાતવાતમાં રીએકશન્સ્ આવવાના શરૂ થઇ જાય. બધાં જ રીએકશન્સ્ના સોલ્યુશન લાવવા માટે છે પર્યુષણ અને પર્યુષણ આપે છે એક શ્રેષ્ઠ સોલ્યુશન ! વીતરાગ દશાનું !

ન કોઇની નજીક , ન કોઇથી દૂર !

ભગવાન મહાવીર ગૌતમની નજીક હતાં કે ગૌતમથી દૂર હતાં ? ભગવાન મહાવીર ચંદનબાળાની નજીક હતાં કે ચંદનબાળાથી દૂર હતાં ? ભગવાન મહાવીર તમારી પાસે છે કે તમારાથી દૂર છે ?

તમે એમ કહી શકો કે ભગવાન મહાવીર તમારાથી દૂર છે ? ના !

તો શું તમે એમ કહી શકો કે ભગવાન મારી પાસે છે ? ના !

ભગવાન મહાવીર નથી પાસે કે નથી દૂર !

બસ ! આ જ છે લાઇફની બેસ્ટ સ્થિતિ !

વીતરાગ દશા અંશે પણ હોય અને સર્વાંશે પણ હોય. વીતરાગ દશા દસ ટકા, વીસ ટકા, પચાસ ટકા અને સો ટકા હોય શકે.

હર એક વ્યક્તિને વીતરાગ થવું છે. હર એક વ્યક્તિનું લક્ષ્ય હોય છે વીતરાગ પરમાત્મા બનવાનું ! બધાંને સો ટકા વીતરાગદશા લાવવી છે કેમકે ધર્મ કરીને પણ ફળશ્રુતિ તો આ જ છે.

વીતરાગ દશા લાવવા માટે શરૂઆત કયાંથી કરવી જોઇએ ?

વીતરાગ દશાની શરૂઆત કરવા માટે નક્કી કરો કે આજથી હું કોઇ પણ વસ્તુને ફેંકીશ નહીં, કોઇ પણ વસ્તુ પ્રત્યે અણગમો કરીશ નહીં.

વિચાર કરો... વ્યક્તિને સૌથી વધુ અશાંત કોણ કરે ? વ્યક્તિ કે વસ્તુ ?

વ્યક્તિ વધારે અશાંત કરે અને વસ્તુ ઓછી કરે.

પર્યુષણનો સંકલ્પ કરો કે, આજથી મારે વસ્તુની નજીક નથી જવું.

માનો કે, તમારો મોબાઇલ ચાલતો નથી. તમે ઘણી ટ્રાય કરી, છેવટે કંટાળીને શું કર્યું ? મોબાઇલનો ઘા કર્યો કે શાંતિથી, પ્રેમથી એક બાજુ મૂકી દીધો ? ?

જ્યાં સુધી આપણને અનુકૂળ હોય છે ત્યાં સુધી આપણે પંપાળીએ છીએ અને જેવું પ્રતિકૂળ થાય એટલે પછાડીએ છીએ, પછી એ વસ્તુ હોય કે વ્યક્તિ હોય !

ભગવાન કહે છે જેટલું પાપ વ્યક્તિ પ્રત્યેના અણગમાનું લાગે છે, એટલું જ પાપ વસ્તુ પ્રત્યેના અણગમાનું પણ લાગે છે.

ક્ષમાપના જેટલી વ્યક્તિ માટે કરવાની જરૂર છે, એટલી વસ્તુ માટે પણ કરવાની જરૂર છે.

વસ્તુ તૂટી જાય કે બગડી જાય તેને ક્યારેય ફેંકાય નહીં, તેને છોડવી પડે તેમ છે તો આસ્તેથી વ્યવસ્થિત રીતે મૂકવી જોઇએ.

વસ્તુને ફેંકવી અને વસ્તુને છોડવી એ બંને અલગ વાત છે. **અંદરમાં જો અશાંતિ હોય તો જ વસ્તુનો ઘા થાય, અંદરમાં અકળામણ હોય તો જ વસ્તુને ફેંકવાનું મન થાય.** વસ્તુને પછાડવાનું મન થાય.

પર્યુષણમાં આ જ શીખવાનું છે કેમકે પર્યુષણને સંબંધ છે આપણી સાયકોલોજી સાથે, પર્યુષણને સંબંધ છે આપણી માનસિકતા સાથે અને પર્યુષણને સંબંધ છે આપણી અંદરના ભાવ સાથે !

દ્રવ્યથી ગમે તેટલી સામાયિક કરો કે ઉપવાસ આદિ કરો પણ જ્યાં સુધી આંતરિક ભાવનાનું શુધ્ધિકરણ ન થાય ત્યાં સુધી પરિવર્તન આવતું નથી. વાત બહુ નાની લાગે એવી છે પણ એના ઉપર ચિંતન કરશો તો ખબર પડશે દિવસમાં જેમ પાંચ કે દસ વસ્તુ ફેંકાય જાય છે એમ પાંચ કે દસ વ્યક્તિ ઉપર શબ્દો પણ ફેંકાય છે. હા, કોઇ વ્યક્તિને સુધારવી હોય, એનામાં પરિવર્તન લાવવું હોય તો ક્યારેક સ્ટ્રીક થવું પડે, પણ ભગવાન કહે છે અનુશાસન પણ ફેંકનારૂં ન હોવું જોઇએ. અનુશાસન પણ સામેવાળી વ્યક્તિ તૂટી જાય એવું ન હોવું જોઇએ.

પણ આપણી ખોટ છે કે વસ્તુને કે પદાર્થને કદાચ આપણે પ્રેમથી લઇએ છીએ અને મૂકીએ છીએ કેમકે, એના તૂટવાથી નુકશાન થાય છે. નુકશાન શેનું થાય છે ? રૂપિયાનું !

પણ જ્યારે સંબંધો તૂટે છે ત્યારે નુકશાન લાઇફ ટાઇમનું થાય છે.

વીતરાગદશાને પામવાનો પુરુષાર્થ કરવો એ જ પર્યુષણના દિવસનો સંબોધિ સંદેશ છે.

|| तवेणं भंते ! जीवे किं जणयइ ? तवेणं वोदाणं जणयइ ||

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

તપથી આત્માને શું પ્રાપ્ત થાય છે ?

તપથી **વ્યવદાન** પ્રાપ્ત થાય છે.

વ્યવદાન એટલે કર્મના કારણને

ઘટાડવાની આત્માની ભાવના !

કર્મો- નહીં તો કર્મોનું ફળ નહીં..

કર્મનું ફળ નહીં તો પરિભ્રમણનું કારણ નહીં !

પરિભ્રમણથી મુક્તિ એટલે **આત્માનો મોક્ષ !**

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપાથી..

પ્રથમ ચાતુર્માસમાં... જ

માસક્ષમણ તપ આરાધના દ્વારા

પરિભ્રમણથી મુક્તિના માર્ગે પ્રગતિ કરનાર

તપસ્વીરત્ના પૂજ્ય શ્રી પરમ વિભૂતિજી મહાસતીજીને

અમારી ભાવભરી વંદના..

અંતરથી અભિવંદના !

ધન્ય છે તપ કરનાર તપસ્વી આત્મા...

ધન્યાતિધન્ય છે તપના પ્રેરક ગુરુ પરમાત્મા !

લાખ લાખ વંદન સ્વીકારજો ભાયાણી પરિવારના !

- શ્રી ભાયાણી પરિવાર



મારે પ્રભુવચનોમાં પ્રમાદી બનવું નથી !

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પાવન દિવસો આવે એટલે દરેકના મનમાં એક ભાવ જાગે કે આ પર્યુષણમાં મારે શકય એટલી શ્રેષ્ઠ સાધના આરાધના કરી પર્યુષણને સાર્થક કરવા છે.

જેમને પર્યુષણને સાર્થક કરવા હોય, એમણે પર્યુષણના આઠ દિવસનું પ્લાનીંગ કરવું જોઇએ કે આવતા પર્યુષણ સુધીનું પ્લાનીંગ કરવું જોઇએ ?

વિચાર કરો, પર્યુષણના દિવસોમાં તમે વધારે ગુસ્સો કરો છો કે પર્યુષણ સિવાયના દિવસોમાં ? પર્યુષણના આઠ દિવસ તમે શાંત રહી શકો છો. રાગ-દ્વેષ ઓછા કરો છો. શા માટે ?

પર્યુષણ છે એટલે શાંત રહી શકો છો કે પર્યુષણમાં પ્રભુના વચનો સાંભળો છો, સદ્‌ગુરુ સાથે સત્સંગ કરો છો, એટલે શાંત રહી શકો છો ?

માનો કે એક સાવ નાનકડું 5-6 મહિનાનું બાળક અશુચિમાં હાથ નાંખે અને એના મમ્મી એને સમજાવે કે બેટા, આ અશુચિ છે એમાં હાથ ન નંખાય ! બાળક સમજશે ? એના મમ્મી રોજ-રોજ કહે તો પણ બાળક ન સમજે, તો એની મમ્મીએ શું કરવું જોઇએ ? એની મમ્મીએ રોજ-રોજ કહેવું જોઇએ કે એના મોટા થવાની, સમજણ આવે એની રાહ જોવી જોઇએ ?

20 વર્ષના યુવાનને ખબર હોય કે આ અશુચિ છે, એમાં હાથ ન નંખાય અને છતાં એમાં હાથ નાંખે તો એ સમજુ કહેવાય કે અણસમજુ ?

તમને પણ ખબર છે તમે સંસારની અંદર ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિના જે વ્યવહારો કરી રહ્યાં છો, તે અયોગ્ય છે, છતાં પણ તમે કરો છો, તમારાથી થઇ જાય છે. તમે કેવા છો ? સમજુ કે અણસમજુ ?

તમને રોજ-રોજ બોધ વચનો આપવા જોઇએ કે તમારા મોટા થવાની રાહ જોવી જોઇએ ?

સાધક એ જ હોય જે વારંવાર પ્રભુના બોધ વચનોને ગ્રહણ કરે. કોઇ દિવસ એવો આવી જાય, કોઇ એક ક્ષણ એવી આવી જાય જ્યારે એની અંદર આત્મબોધ પ્રગટી જાય અને જે દિવસે આત્મબોધ પ્રગટી જાય, પછી એને બહારના બોધની વધારે જરુર ન રહે. જેનો આત્મબોધ પ્રગટી જાય, તેને આત્મબોધની જરુર ન પડે.

સત્સંગ કરવો એ તમારા આત્મા માટે જરુરી છે કે નથી ?

ઘણાને સમજાય ગયું છે કે જેમ-જેમ સત્સંગ વધે છે, જેમ-જેમ સદ્‌ગુરુના શ્રીમુખેથી જ્ઞાનવાણીનું શ્રવણ વધે છે, જેમ-જેમ પ્રભુવચનોનો બોધ પ્રાપ્ત થતો જાય છે, તેમ-તેમ મારા જીવનમાં, મારા ભાવોમાં પરિવર્તન આવવા લાગે છે. પ્રભુના બોધવચનોની અસર પર્યુષણના આઠ દિવસ હોવી જોઇએ કે 365 દિવસ માટે હોવી જોઇએ ? પ્રભુવચનોનું શ્રવણ, સમજ અને આચરણ એક માત્ર મનુષ્યભવમાં જ પ્રાપ્ત થાય છે.

સત્સંગ મનુષ્યભવનું સૌભાગ્ય છે.

જે વારંવાર સત્સંગ કરે છે, વારંવાર પ્રભુવચનોને ગ્રહણ કરે છે, ત્યારે તેને મનુષ્યભવ સાર્થક કરવાના ઘણા-બધાં માર્ગદર્શન મળી જાય છે. પ્રભુવચન કયારેક ને કયારેક હૃદયસ્પર્શી બની જાય છે, ત્યારે પરિવર્તનની સંભાવના અનેકગણી વધી જાય છે. ભગવાને કહ્યું છે; જેમને કાન મળ્યાં છે એ જો પ્રભુવચન શ્રવણ કરવાનું સૌભાગ્ય ગુમાવી દે છે તો ભવિષ્યમાં તેને શ્રોતેન્દ્રિય દુર્લભ બની જાય છે. જેમને આંખો મળી છે, એ જો દેવગુરુના દર્શન કરવાનું સૌભાગ્ય ગુમાવી દે છે તો ભવિષ્યમાં તેને ચક્ષુન્દ્રિય દુર્લભ બની જાય છે.

સત્સંગનો પ્રભાવ :

એક દિવસ એક ભાઇ મારી પાસે આવ્યા અને કહ્યું, ગુરુદેવ ! મારી કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની છે. મેં એને પૂછયું...

ગુરુદેવ : તમારી કીડની કયારે ખરાબ થઇ ?

ભાઇ : ગુરુદેવ ! એક વર્ષ પહેલાં એમાં પ્રોબ્લેમ થયો હતો અને હવે ટ્રાન્સપ્લાન્ટ કરવી જ પડશે.

ગુરુદેવ : ઓ કે ! તમને કીડની કોણ આપે છે ?

ભાઇ : ગુરુદેવ ! મારી વાઇફ !

હું આશ્ચર્ય ચક્તિ થઇ ગયો... એની વાઇફ એને કીડની આપે છે ? મેં ફરીવાર પૂછયું.

ગુરુદેવ : તમારી વાઇફ ?

ભાઇ : હા, ગુરુદેવ !

ગુરુદેવ : અહો આશ્ચર્યમ્ !

બધાંને એમ થાય કે એક વાઇફ તો એના હસબન્ડને કીડની આપે ને, એમાં આશ્ચર્યજનક શું હોય ? પણ આ ભાઇની વાત અલગ છે. દોઢ વર્ષ પહેલાં આ જ ભાઇ એની વાઇફની ફરિયાદ લઇને આવ્યાં હતાં.

ભાઇ : ગુરુદેવ ! અત્યારે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે.

ગુરુદેવ ! દોઢ વર્ષ પહેલાંની વાત છે. તે દિવસે મારી વાઇફ મને સાઇનાઇડ પીવરાવીને મારી નાંખવાની હતી, પણ બન્યું એવું કે તે દિવસે ઘાટકોપરમાં જે ઘરે સત્સંગ ચાલે છે ત્યાં હું સત્સંગમાં ગયો હતો. આપનું પ્રવચન સાંભળ્યું. એમાં આપે આયુષ્યકર્મ વિશે સમજાવ્યું હતું અને એના પ્રકાર સમજાવ્યાં હતાં, સોપક્રમ અને નિરુપક્રમ ! જો આયુષ્ય નિરુપક્રમ હોય તો મને કોઇ કાંઇ ન કરી શકે.

એ જ રાત્રે ગુરુદેવ ! અચાનક મારી ઊંઘ ઊડી ગઇ અને એ જ સમયે મારી વાઇફના મોબાઇલમાં મેસેજ આવ્યો. મને થયું આટલી મોડી રાતે કોનો મેસેજ હશે ? લાવ, જોઉં ! ! મેસેજ જેતાં જ એક ક્ષણ હું સ્તબ્ધ થઇ ગયો. પછી એક પછી એક પાછળના મેસેજ વાંચતો ગયો અને મને સમજાય ગયું મારી વાઇફને એના કોલેજના મિત્ર સાથે આજે પણ કનેકશન છે, તેઓ અવારનવાર મારાથી છુપાવીને હોટલમાં અને બહારગામ પણ જાય છે અને આજના મેસેજમાં એના મિત્રએ લખ્યું હતું, હું તને સાઇનાઇડ લાવી આપીશ તું તે તારા હસબન્ડને આપી દેજે !

ગુરુદેવ ! આ મેસેજ વાંચ્યો, એ જ સમયે મને સત્સંગમાં સાંભળેલા આયુષ્ય કર્મના પોઇન્ટસ્ યાદ આવી ગયાં. મેં વિચાર્યું, મારું આયુષ્ય જેટલું હશે, એટલું હશે, મારે આમાં વધારે ચિંતા કરવાની જરુર નથી અને ગુરુદેવ ! હું શાંતિથી સૂઇ ગયો. સવારે ઊઠીને પણ મેં એક પણ જાતના રીએકશન્સ્ ન આપ્યાં. મારા મનમાં તો પ્રભુની વાણી ઘુમતી હતી, હું તો રોજની જેમ તૈયાર થઇ ઑફિસ ગયો.

થોડીવાર થઇ ત્યાં તો એ પણ ઑફિસ આવી. મને નવાઇ લાગી, આજે કેમ આવી હશે ? એ તો એક અલગ નજરથી મને જોવા લાગી. એની આંખમાં એક પ્રકારનો ડર હતો.
મેં પૂછયું, કેમ આવી છો ?

ગુરુદેવ ! એણે કહ્યું, 4-5 કલાકથી હું વિચારી રહી હતી કે તમે કેવા શ્રેષ્ઠ છો અને હું કેવી છું ? તમે મારા મેસેજીસ વાંચ્યાં, મારો પ્લાન વાંચ્યો છતાં પણ ન ગુસ્સો કર્યો, ન કાંઇ પૂછયું, ન કોઇ રીએકશન્સ્ આપ્યાં. તમારા જેવી શ્રેષ્ઠ વ્યક્તિ સાથે હું કેવી ચીટીંગ કરી રહી છું... મને મારી ભૂલ સમજાય છે મને ખૂબ જ પસ્તાવો થાય છે, એટલે અહીંયા તમારી માફી માંગવા આવી છું. તમે જે સજા આપો તે ભોગવવા પણ તૈયાર છું.

ગુરુદેવ ! સત્સંગમાં મેં ક્ષમાપના વિશે પણ સાંભળ્યું હતું અને મને એ યાદ હતું. એટલે ગુરુદેવ ! મને થયું જો એને પસ્તાવો થાય છે તો એનામાં સુધારો આવી જશે, મારે એને માફ કરી એક તક આપવી જોઇએ.

ગુરુદેવ ! મેં એને તક આપી અને એ સુધરી ગઇ, એનો વ્યવહાર સુધરી ગયો અને આજે એ મને કીડની આપવા તૈયાર થઇ ગઇ છે ! જે વ્યક્તિ સત્સંગમાં જતા હોય, એનામાં સમતા આવી જાય. આ એક સત્ય ઘટના છે. સત્સંગના પ્રભાવથી એમનું તૂટતું જીવન બચી ગયું અને સુધરી પણ ગયું. જે વ્યક્તિ પ્રભુના વચનોનું શ્રવણ કરતી હોય તેનામાં સમતા આવે કે ન આવે ?

જો સમતા આવે તો સંબંધોને તૂટતાં બચાવી શકાય કે ન બચાવી શકાય ? એ વ્યક્તિ ગમે તેવી પરિસ્થિતિમાં પણ પરિવર્તન લાવી શકે કે ન લાવી શકે ? લાવી જ શકે છે.

એક વાત યાદ રાખજો, જેમને પ્રભુ મળ્યાં એ એનું સદ્દભાગ્ય છે, જેમને પ્રભુ ન મળ્યાં એ એનું દુર્ભાગ્ય છે પણ જેમને પ્રભુ નથી મળ્યાં અને પ્રભુના વચનો મળ્યાં છે એ એના પુણ્યોદય છે. પ્રભુના વચનો મળ્યાં પછી જે પ્રભુના વચનોનો આદર ન કરે, એના પ્રત્યે અહોભાવ ન કરે, એનું સન્માન ન કરે, એનું શ્રવણ ન કરે, એ પ્રભુવચનોનું અપમાન કર્યું કહેવાય.

વ્યાખ્યાન હોલમાં સંતોનું પ્રવચન ચાલતું હોય અને તમે અન્ય કાર્ય કરતા રહો અથવા સંઘની ઑફિસમાં એમ જ બેઠાં રહો,એ પ્રભુવચનોનું અપમાન કહેવાય.

પ્રભુનો ધર્મ મળ્યાં પછી, પ્રભુની વાણી મળવા છતાં એનું શ્રવણ ન કરીએ, એ ન સાંભળીએ તો એ પ્રભુની વાણીની અશાતના કરી કહેવાય.

સવારના ઊઠી ગયાં હો અને ઑફિસે 11:00 વાગે જવાનું હોય ત્યારે ઘરે બેસીને ન્યુઝ પેપર વાંચવા, ટી.વી. જોવું. પણ 09:00 થી 10:00 પ્રવચન સાંભળવા ન જવું, એ પણ પ્રભુવચનોનો અનાદર કર્યો કહેવાય.

પ્રભુ મળ્યાં પછી જેમના જીવનમાં પ્રમાદ આવે છે, એને પ્રભુ કયારેય મળતાં નથી. પ્રભુ વચનો સાંભળનારના ભાવો અને વિચારો શાંત અને પૉઝીટીવ થઇ જાય છે, પણ ઘણા લોકો ધર્મશ્રવણની બાબતમાં પ્રમાદી થઇ જતાં હોય છે.

ભૂતકાળમાં આપણને અનેકવાર પરમાત્મા મળ્યાં છે, પણ ત્યારે પ્રમાદ કર્યો હશે, પ્રમાદ કરીને અશાતના કરી હશે એટલે આ ભવે પરમાત્મા નથી મળ્યાં, પણ થોડાં પુણ્યનો ઉદય હશે એટલે પ્રભુની વાણી અને પ્રભુની સમજ આપનાર સદ્‌ગુરુ અને સંત-સતીજી મળ્યાં છે, ત્યારે પ્રમાદ કરવો ન જોઇએ.

પ્રભુના વચનો મારા સમભાવનું કારણ બની શકે છે. જો અંતરમાં પ્રભુના વચનો અંકિત હોય તો કયારેય ઘરમાં, પરિવારમાં, બિઝનેસમાં સંબંધોમાં કે વ્યવહારમાં સમતા રાખવી ન પડે, સમતા આવી જાય. શાંત રહેવું ન પડે, રહી જવાય.

આજથી સંકલ્પ કરો, 'મારે પ્રભુ વચનોમાં પ્રમાદી નથી બનવું,' મારે આખા વર્ષમાં રોજ નહીં તો ઓછામાં ઓછા 100 દિવસ તો સત્સંગનો લાભ લેવો જ છે. જ્યારે જ્યારે પ્રભુવચનો સાંભળવાનો, સત્સંગ કરવાનો અવસર આવે મારે એને ચૂકવો નથી !

પ્રભુ વચનોના શ્રવણથી અનાદિકાળના સંસારના સંસ્કાર ડીલીટ કરી શકાય છે અને સત્યના સંસ્કાર એના ઉપર ઓવરરાઇટ કરી શકાય છે.

જો તમે નિયમિત સત્સંગ કરો તો તમે ઘણા બધાં પાપ કરતાં અટકી શકો. પાપ અટકે તો ભવ સુધરે.

સત્સંગ શા માટે કરવાનો ?

મારે આવતા ભવના પ્લાનીંગ કરવા માટે, મારે આ ભવમાં સત્સંગ કરવો છે. સત્સંગ મારા આવતા ભવનું પ્લાનીંગ કરાવે છે. આ ભવમાં તો બહુ અલ્પ સમય છે પણ આવતા ભવોભવનો તો અનંતકાળ છે. સત્સંગથી સંસ્કાર બદલાય જાય છે, જે આ ભવને તો સુધારે છે પણ ભવોભવને સુધારે છે. માટે મારે પ્રભુ વચનમાં પ્રમાદ નથી કરવો. મારે પ્રભુવચનથી મારા હૃદયને ભાવિત કરવું છે. પ્રભુવચનો માત્ર સંસારનો ત્યાગ કરવાનું નથી શીખવતા, પ્રભુ વચનો સંસારમાં કેવી રીતે રહેવું એ પણ શીખવે છે.

પ્રભુવચનો ભલે સમજાય કે ન સમજાય, રૂચે કે ન રૂચે, પણ એનું શ્રવણ અવશ્ય કરવું જોઇએ. કયારે કોઇ વચન આખા જીવન અને ભવનું પરિવર્તન કરી દે ખબર નથી !

"વૃક્ષની બધી ડાળીઓનો વિકાસ એક સરખો થવો જોઈએ
તો જ વૃક્ષનો વિકાસ સુંદર દેખાશે."
"થર્મોકોલની દીવાલ સુંદર લાગી શકે,
પરંતુ કોંક્રિટની દીવાલ જેવું કામ ના આપી શકે."

આપનો સંકેત અમારે સમજવાનો...
દરેક મિશનનો વિકાસ એ જૈન ધર્મનો પણ વિકાસ છે.
દરેક મિશન મેમ્બર્સ એટલે વૃક્ષની ડાળીઓ,
નવા તથા જુના દરેક મેમ્બર્સનો સરખો વિકાસ થશે
તો જ દરેક મિશનનો વિકાસ થશે...

અને મિશન મેમ્બર્સના કોંક્રિટ જેવા
સત્‌કાર્યોથી જૈન ધર્મનો વિકાસ થશે.

- ગુરુભક્ત, જુનાગઢ

ચાતુર્માસ પૂર્ણ થતાં
વિહાર-વધામણાનો દિવસ હતો.
બધાંની આંખોમાં અશ્રુની ધાર હતી.

અમે વિચાર્યું...

સ્નેહ અને જ્ઞાનના જળથી આત્મધરાને
પલ્લવિત કરનાર ગુરુ રૂપી માળીનો વિહાર...
વેદના બની આંસુ રૂપે વહી રહ્યો છે.

તમે ચિંતવ્યું....

આજે અમારા હૃદયમાં એક બગીચો તૈયાર થઇ ગયાની તૃપ્તિ છે
તો બીજી તરફ બીજા નવા ક્ષેત્રમાં,
નવો બગીચો તૈયાર કરવાનો અંતરમાં અનેરો ઉત્સાહ છે.
માળીને કયારેય એક જ બગીચાથી સંતોષ ન થાય.
જેટલાં વધારે વેરાન વગડાને ઉધાન બનાવે
એ જ એની સાર્થકતા હોય !

ચાતુર્માસ હોય કે શેષકાળ,
સેશન્સ દ્વારા સાધકો તૈયાર કરવા,
શિબિર દ્વારા યુવા વર્ગને ડીવીનીટી તરફ
ડાયવર્ટ કરવા તથા પ્રેરણા દ્વારા
શાસન પ્રભાવકો તૈયાર કરવા
એ જ તો લક્ષ રહ્યું છે આપનું!!

સૌજન્ય : ગુરુભક્ત, ઘાટકોપર



YUVA SHIBIR 1:

ભૂલવા જેવું યાદ રાખવું નથી અને યાદ રાખવા જેવું ભૂલવું નથી.

“

જે સ્વયંની મેમરીઝને વારંવાર ચેક કરે છે,
અને તે પ્રમાણે પોતાની લાઇફને ચેઇન્જ કરે છે તે પ્રભુનો ઉપાસક હોય છે.

આપણે મેમરીનાં માણસ છીએ કે રીયલ માણસ ?

- આપણી મેમરી બેંકમાં બેડ મેમરીઝનો સ્ટોક ગુડ મેમરીઝના સ્ટોક કરતાં વધારે હોય છે અને એટલે જ આપણે બધાં માટે નેગેટીવ વધારે થતાં હોય છે.
- આપણે ચાર પગેથી ચાલતાં પોતાની રીતે આવડ્યું પણ બે પગે ચાલતાં આપણને શીખવાડવું પડ્યું કેમ કે આપણી અંદરમાં પાસ્ટનાં ભવોની મેમરીઝ પડેલી છે.
- કેટલીક વ્યક્તિઓને વસ્તુ કે વ્યક્તિઓની એલર્જી પણ એટલા માટે હોય છે કે આપણી અંદરમાં એમના માટે ભૂતકાળની ખરાબ મેમરીઝ સેટ થએલી છે એટલે જ્યારે એ વસ્તુ કે વ્યક્તિ સામે આવે ત્યારે મેમરીઝ બહાર આવે છે જેને આપણે એલર્જી કહીએ છીએ.
- તમારા ચેહરા પર આવતું સ્મિત હોય કે આંસુ, ટેન્શન હોય કે પ્રસન્નતા, તમારા સંબંધ જો સારા હોય કે ખારા, આ બધાંનો આધાર મેમરીઝ પર છે.
- આપણો નેચર આપણા ફ્યુચરને બદલી શકે છે અને નેચરનો જે કંટ્રોલ કરી શકે તે જ પ્રભુનો વારસદાર હોય છે.
- અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા આર્થિક, શૈક્ષણિક અને વૈદ્યકીય સહાય પામી રહેલાં 40 ગરીબ કિડનીના દર્દીઓને આ અવસરે જીવન જરૂરી વસ્તુઓની કીટ અર્પણ કરવામાં આવી હતી.

YUVA SHIBIR 2, 3, 4:

ડેથ નક્કી છે, ડેટ નક્કી નથી !

A (આત્મા) + B (Body) = C (Combination)

શિબિરાર્થીઓને સદ્‌ગુરુ સદ્‌બોધ:

દરેક રિલેશન માત્ર રોલ છે. રોલનો એન્ડ થાય ત્યારે સોલ (આત્મા) ની ઓળખ થાય છે. ડેથ નક્કી છે પરંતુ ડેટ નક્કી નથી. આ ભવ રોલને જ પોતાની રિયાલીટી માનીને જીવનારા ભ્રમમાં હોય છે. જીવનમાં પતિ, માતા-પિતા, ભાઈ દરેક એક રોલ છે. રોલ પુરો થાય ત્યારે જ રિયલ આત્મા શરૂ થાય છે.

જીવનમાં સ્વાર્થી નહીં પરમાર્થી બનજો. સ્વાર્થી કદી પરમાત્માની યાદિમાં આવતો નથી. કામચલાઉ એડ્રેસ કાયમ બદલાતા રહે છે. જ્યારે આત્માનું શાશ્વત સરનામું મોક્ષ છે. સંપત્તિનું દાન કદાચ ન આપી શકો તો શ્રમ દાન,સમય દાન અને સેવા દાનમાં આત્માને જોડજો. હાથ - પગ હાર્ટ સાથે ચાલે તેને સેવા કહેવાય. આજના કેલ્કયુલેટીવ સમયમાં જ્યારે સંબંધો પણ ગણતરીના આધારે જળવાઇ રહ્યાં છે ત્યારે રક્ષાબંધનના પર્વ પર યુવા શિબિરમાં યુવાનોને સંબંધો ભ્રમ કે સત્ય પર માર્ગદર્શન આપતા રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે સંબંધો લાગતા સત્ય હોય છે પરંતુ હોય છે ભ્રમ. સંબંધ નામના કૂવામાંથી લાગણી નામનું પાણી પીવાય પરંતુ લાગણીના પાણીમાં ડૂબાય નહીં, કૂવાની પાળની જેમ લાગણીમાં પણ લિમિટ રાખવી જોઇએ.

જે પરિવારમાં મોટા નાનાને આગળ કરે તે મોટા હંમેશાં આગળ રહે અને જે મોટા નાનાને નાના રાખે, તે મોટા ક્યારેય આગળ આવતા નથી. કેટલાંકનાં સંબંધો સ્વસ્થ હોય છે પરંતુ કેટલાકનાં સંબંધો માંદા હોય છે. જેને સામેવાળાના ચહેરાની ઋતુ ઓળખતાં આવડી જાય, તેમના સંબંધો ક્યારેય માંદા પડતાં નથી. ચહેરા પર ચોમાસુ, શિયાળો, ઉનાળો જોતાં આવડે તે સંબંધોને સાચવી શકે.

વિશેષમાં આ અવસરે રક્ષાબંધનના પર્વ નિમિત્તે ભાઈ-બહેનના સંબંધોની કડવાશ દૂર કરીને પરસ્પર સ્નેહનો અતૂટ સેતુ સર્જવા માટે અનેક ભાઈ-બહેનની જોડીને આઈ ટુ આઈ કોન્ટેક કરાવીને સોરી કાર્ડની આપ-લે કરાવવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી હેમલભાઈ મહેતાએ કરેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-શિક્ષક શિબિર :

ટીચરે ટોર્ચ બનવું, ટોર્ચર નહીં
મને જે આવડે છે તે જ પરીક્ષામાં આવવાનું છે, પરીક્ષામાં જે આવશે તે મને આવડવાનું જ છે

ડુંગર દરબારમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે આયોજિત કરવામાં આવેલી શિક્ષકો માટેની માર્ગદર્શક શિબિરમાં રાષ્ટ્રના ઘડવૈયા થવા જઈ રહેલાં એવા ભાવિના હજારો શિક્ષકો એટલે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.એડ.ડીગ્રી વિદ્યાર્થીઓને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી અમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવતાં ઉપસ્થિત સર્વ ટીચર્સ વિદ્યાર્થીઓને ભણાવવા માટે એક નવી દિશા પામ્યા હતાં.

આ શિબિરમાં રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ એક સક્સેસફુલ ટીચર બનવાના માસ્ટર પોઈન્ટસ આપતાં સમજાવ્યું હતું કે, **કેટલાક ટીચર એવા હોય છે જે વિદ્યાર્થીઓનાં હૃદયમાં આભાર ભાવનું સર્જન કરે હોય છે પરંતુ જે ટીચર વિદ્યાર્થીઓના હૃદયમાં સદાને માટ ઉપકાર ભાવનું સર્જન કરે છે તે ટીચર શ્રેષ્ઠ સાબિત થતાં હોય છે. એક પથ્થરમાંથી પગથિયાં પણ બની શકતાં હોય છે અને પ્રતિમાનું સર્જન પણ થઈ શકતું હોય છે. પગથિયા કે પ્રતિમાનું સર્જન બંને શિલ્પીના જ હાથમાં હોય છે પરંતુ પ્રતિમા બનાવીને ભવોભવ માટે ઉપકારી બનનારા એવા શિલ્પી શ્રેષ્ઠ હોય છે.** ટીચર ઉપયોગી બને તેનાથી વધુ ઉપકારી બને તે શ્રેષ્ઠ છે. આ સાથે જ, મ્યુનિસિપલ ટેન્કમાંથી સપ્લાય થતાં પાણી અને બોરવેલમાંથી ખેંચીને કાઢવામાં આવતાં પાણીના હૃદયસ્પર્શી દ્રષ્ટાંત દ્વારા પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, **માત્ર બહારના રેડીમેડ કોર્સની સપ્લાય કરીને સ્ટુડન્ટને ભણાવવા કરતાં જે ટીચર સ્ટુડન્ટની અંતરશક્તિનું ડ્રીલીંગ કરી જાણે છે તે સ્ટુડન્ટની આંતરિક ચેતના અને અંદરનું જ્ઞાન બહારમાં પ્રગટ થયાં વિના નથી રહેતું.** સ્ટુડન્ટને માત્ર બહારનું સપ્લાય કરશો તો સ્ટુડન્ટને સૂઝ મળશે પરંતુ એની હૈયાસૂજ નહીં ખીલે અને અંતે તે એક એવરેજ સ્ટુડન્ટ બનીને રહી જશે. આ સપ્લાય-અપ્લાયની ટીચીંગ સ્ટાઈલથી જાણે અજાણે સ્ટુડન્ટ અને ટીચર વચ્ચે એક વૉલ ઉભી થઈ જતી હોય છે જેના કારણે સ્ટુડન્ટના હૃદયમાં ટીચર માટેનો જોઈએ તેવો રીસ્પેક્ટ લેવલ જાગૃત્ત નથી થતો.

ઉપસ્થિત સભાને ભારતના ભાવિના ઘડવૈયા તરીકે ઓળખાવીને વધુ રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, રોજગારી મેળવવા માટે માત્ર **કલાસરૂમની દીવાલોને જીતી જાય તે એવરેજ ટીચર બનીને રહી જતાં હોય છે પરંતુ સ્ટુડન્ટના આજના નેચર કરતાં પણ એનુ ફ્યુચર બતાવીને દિલ જીતી જનારા ટીચર તે વાસ્તવિક્તામાં સક્સેસફુલ ટીચર બની જતાં હોય છે.**

ઘણીવાર ભણાવતાં ભણવતાં ટીચર બ્લેન્ક થઈ જતાં હોય છે એના મૂળમાં ઓક્સિજનની ઉણપનું કારણ જણાવીને પૂજ્યશ્રીએ ક્લાસરૂમમાં **શબ્દની સાધના કરાવવા પહેલાં ધ્યાન સાધના અને યોગ સાધના** કરવાનું સૂચન કર્યું હતું. ભણાવતાં પહેલાં ઓરા સ્નાનનો માસ્ટર મંત્ર આપતાં કહ્યું હતું કે, **દરેક સ્ટુડન્ટનું શુભ થાઓ એવી ભાવના સાથે ભણાવનારા ટીચરના સ્ટુડન્ટ કદી ફેઈલ નથી થતાં.**

આ અવસરે ટોર્ચર કરનારા નહીં પરંતુ જીવનની પ્રેરણા આપતી ટોર્ચ જેવા બનવાની પ્રતિજ્ઞા લેવાની પ્રેરણા રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ કરતાં સહુએ સહર્ષ ઝીલી લીધી હતી.

આ અવસરે, પૂજ્ય શ્રી વિનમ્રમુનિ મહારાજ સાહેબે ઉપસ્થિત સર્વને વોઈસ મોડ્યુલેશન, પાવર ઓફ પ્યુરીટી અને ફેઈલ્યોર મેનેજમેન્ટ કેવી રીતે કરવું તેની સમજ આપીને માર્ગદર્શન આપ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપિત શ્રી નિલાંબરીબેન દવે, ડૉ. શ્રી પ્રતાપસિંહજી ચૌહાણ, ડૉ. શ્રી

મેહુલભાઈ રૂપાણી, ડૉ. શ્રી ધરમ કંબાલીયા, ડૉ. શ્રી ગિરીશભાઈ ભિમાણી, ડૉ. શ્રી વિજયભાઈ દેસાણી, ડૉ. શ્રી નિદ્દતભાઈ બારોટ, ડૉ. શ્રી જનકભાઈ મકવાના તેમજ ડૉ. શ્રી મહેશભાઈ ચૌહાણ દ્વારા સંત-સતીજીઓ પ્રત્યે આભારના અભિવ્યક્તિ કરવામાં આવી હતી.

ઉપસ્થિત યંગસ્ટર્સને પ્રોત્સાહિત કરતાં, **મને આવડે છે તે જ પરીક્ષામાં આવવાનું છે અને જે પરીક્ષામાં આવશે તે મને આવડવાનું છે**, ના રાષ્ટ્રસંત પૂજ્યશ્રીના શ્રીમુખેથી થએલાં પોઝીટીવ વચનો સાથે શિબિર સંપન્ન થઈ હતી.

ફિલ્ડ માર્શલ ગોવાણી કન્યા છાત્રાલયમાં પ્રથમવાર જૈન મહાસતીજીના બોધ પ્રવચન

રાજકોટ નગરમાં ચાતુર્માસ બિરાજમાન રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી રાજકોટ ફિલ્ડ માર્શલ ગોવાણી કન્યા છાત્રાલયની બાલિકાઓને પ્રથમવાર જૈન સાધ્વીજીઓના મુખેથી બોધ પ્રવચન સભાનું આયોજન કરવામાં આવતા 600 બાલિકાઓએ લાભ લીધો હતો.

પટેલ સમાજની હોસ્ટેલમાં ભણતી આ દીકરીઓને રાજકોટના શ્રી મહાવીર નગર સ્થા. જૈન સંઘમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પૂજ્ય શ્રી પરમ દિવ્યતાજી મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી પરમ અસ્મિતાજી મહાસતીજીના શ્રી મુખેથી ધ્યાન સાધનાનું મહત્ત્વ, પોઝીટીવીટી, વિનય ધર્મ આદિ વિષયોની ઊંડાણભરી સમજ આપીને સક્સેસ પામવાનું માર્ગદર્શન આપવામાં આવતા ઉપસ્થિત સહુ પૂજ્ય મહાસતીજી પ્રત્યે અહોભાવિત થયા

હતાં. સ્વયંના ઈનર વોઈસને સાંભળીને જીવનમાં આત્મવિશ્વાસ કેળવવાનો બોધ પ્રેકટીકલ દ્રષ્ટાંતો દ્વારા આપવામાં આવેલ.

ફિલ્ડ માર્શલ ગોવાણી છાત્રાલયના મેનેજીંગ ટ્રસ્ટીસ ડૉ. શ્રી. જે. એમ. પનારા, શ્રી પુરષોત્તમભાઈ ફલ્ડુ, શ્રી ગૌતમભાઈ ઘમસાણીયા, મહાવીર નગરના સંઘ પ્રમુખ શ્રી કાંતીભાઈ લાધાભાઈ શેઠ, શ્રી નરોત્તમભાઈ પરસાણા, શ્રી જગદીશભાઈ શેઠ આદિ મહાનુભાવો વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

વિશેષમાં, શ્રી જે.એમ. પનારાએ ઉચ્ચ શિક્ષિત એવા સાધ્વીજીઓ અત્યંત સહજતાથી પ્રભુ મહાવીરના બોધને સમજાવવા બદલ પ્રશસ્તિ કરીને અહોભાવની અભિવ્યક્તિ કરી હતી.

સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ્સ એસોસિયેશન શિક્ષક શિબિર

સ્ટુડન્ટની સ્કુલબેગ પણ ગોઠવી આપે તે ટીચર ટોર્ચ જેવા હોય છે

ડુંગર દરબારમાં સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ્સ એસોસિયેશનના ઉપક્રમે આયોજિત શિબિરમાં રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું કે સ્ટુડન્સને જે શીખવું હોય તે શીખવાડે તે સક્સેસફુલ ટીચર હોય પરંતુ ટીચરને આવડતું હોય માત્ર તે શીખવાડે તે એવરેજ ટીચર હોય.

ટીચરે શીખવાડેલું સ્ટુડન્ટસ

ભૂલી શા માટે જાય છે તેનું સમાધાન આપતાં રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે ટીચરના હોઠમાંથી નીકળેલા શબ્દો માત્ર સ્ટુડન્ટના કાન

સુધી પહોંચે પરંતુ ટીચરનાં હાર્ટમાંથી નીકળેલા શબ્દો સ્ટુડન્ટના હાર્ટ સુધી પહોંચે છે. જે ટીચરનાં મુખમાંથી શબ્દો નીકળે તે વોઈસ સ્ટડી બની શકે પરંતુ જે ટીચરનાં હાર્ટમાંથી નીકળે તે વાઈબ્રેશન સ્ટડી બની શકે.

બહારથી અંદર જાય તે કોર્સ હોય, પરંતુ અંદરમાંથી બહાર આવે તે ફોર્સ હોય. જે દિવસે તમારા સ્ટુડન્ટ તમારી શિક્ષાની પ્રતિક્ષા કરે તો માનજો કે તમે સક્સેસફુલ ટીચર છો. **સ્ટુડન્ટ જેની સાથે કનેક્ટ થાય તે સક્સેસફુલ ટીચર હોય છે અને જે સ્ટુડન્ટ ટીચર માટે કમેન્ટ પાસ કરે, તે એવરેજ ટીચર હોય.** માટે જ્યારે સ્ટુડન્ટથી ભૂલ થાય તો ગુસ્સાને બદલે નાની નાની ટીપથી તેને માર્ગદર્શન આપવાની પ્રેરણા આપતા કહ્યું હતું કે એક નાનકડી ટીપ પણ બાળકને ભવિષ્યમાં ટોપ સુધી લઈ જઈ શકે અને આ માર્ગદર્શક ટીપ તે કોર્સમાં ન હોય પરંતુ ઈનરફોર્સમાંથી આવે.

જેને ગુરુનું મૌન પચે એને જ ગુરુનાં શબ્દો પચાવતા આવડે છે. **જે ટીચરનાં મૌનથી બાળકો શાંત થાય તે સક્સેસફુલ ટીચર હોય અને જો સ્ટુડન્સ બોલવા લાગે તો એવરેજ ટીચર હોય છે.** શબ્દના શિક્ષક એવરેજ ટીચર હોય પણ મૌનનાં ગુરુ સક્સેસફુલ ટીચર હોય.

શ્રી પ્રવિણભાઈ રૂપાણી, શ્રી અજયભાઈ પટેલ, ડો. ડી.વી. મહેતા, શ્રી રશ્મિકાંતભાઈ મોદી, શ્રી કિશ્નકાંતભાઈ ધોળકિયા, શ્રી જિતેશભાઈ માટવાની, શ્રી ભરતભાઈ હેરમા, શ્રી પરેશભાઈ શેલા, શ્રી પ્રવિણભાઈ ગોંડલિયા, શ્રી વિમલ કપૂર, શ્રી જયંતભાઈ કાનગડ (શુભમ સ્કુલ) ની વિશેષ ઉપસ્થિતિ હતી. રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ આ સર્વ સંચાલકોને સફળતાનાં આશીર્વાદ આપ્યાં હતાં.

આ અવસરે રાજકોટના સંતાન પૂજ્ય શ્રી વિનમ્રમુનિ મહારાજ સાહેબે ઉપસ્થિત ટીચર્સમાંથી પોતાના ટીચર્સ સાથે જોડાયેલાં સંસ્મરણોને યાદ કરીને આભાર માનતા સર્વને વિનય એ સફળતાનું મૂળ છે તેના પર માર્ગદર્શન આપ્યું હતું.

નવદીક્ષિત સાધ્વીરત્ના **પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજીએ ટેકનીકલી રાઈટ કે પ્રેકટીકલી રાઈટ પરનો ફરક સમજાવી એજ્યુકેશન કરતાં બાળકને વિઝનરી બનાવવા પર સુંદર મનનીય પ્રવચન આપ્યું હતું.**

રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ બધા ટીચર્સને આ વીકમાં એક દિવસ સ્ટુડન્સ સાથે ભોજન લેવાની પ્રેરણા આપી હતી.

બાલ ઉત્સવ

ડુંગર દરબારમાં લુક એન લર્ન જૈન જ્ઞાનધામના બાળકોનો બાલ ઉત્સવ હજારો ભાવિકોએ માણ્યો અને દિલથી વખાણ્યો

મેઘરાજા પણ બાળકોનો અભિનય નિહાળવા પધારેલ, વરૂણદેવ વીજળીનો ચમકારો કરી બાલોત્સવની તસવીરો ખેંચી દિવ્ય લોકમાં દર્શાવાના હોય એવું દ્રશ્ય સર્જાયું

વ્હેલી સવારે સોનેરી સૂર્યોદયે એ નાના-નાના ભૂલકાઓએ ''અહો જિન શાસનમ્ અને જિનશાસનના'' જય જયકાર સાથે પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાગત ડુંગર દરબારમાં કર્યું હતું. 6 વર્ષના વિધાન મલયભાઈ કોઠારીએ ડુંગર દરબારમાં પૂજ્ય ગુરદેવને અનોખી અંદાજમાં આવકાર્યા હતાં. 'જય જયકાર ગુરદેવ દેના સાથ હમારા'ના હજારો બાળકોના જયનાદથી-પ્રચંડ જયઘોષથી ડુંગર દરબાર ગૂંજી અને ગાજી ઉઠેલ.

ગોંડલ, રાજકોટ, જૂનાગઢ, જામનગર લુક એન લર્નના બાળકોએ પોતાના ભાવોની અભિવ્યકિત કરેલ.

મોદી સ્કૂલના શ્રી રશ્મીભાઈ મોદી, ધોળકીયા સ્કૂલના શ્રી જીતુભાઈ ધોળકીયા, નરેન્દ્ર કુંવરબા સ્કૂલ શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શ્રી

મુકેશભાઈ મહેતા, માસૂમ સેન્ટરના શ્રી અનિલભાઈ કોઠારી પરિવાર ઉન્નતિ સ્કૂલના શ્રી સંજયભાઈ જોશી વગેરે સેવાભાવીઓએ લુક એન લર્ન જૈન જ્ઞાનધામના હજારો બાળકોની ભણવાની અનુમોદના કરવા ક્ષેત્રદાન આપવા બદલ તેઓનું સન્માન કરવામાં આવેલ.

શ્રી હિતેનભાઈ મહેતાએ યંત્રનો લાભ લઈ 'બકરી બચાવો અભિયાન'માં અનુદાન અર્પણ કર્યું હતું.

જેઓએ આગમની ગાથાઓને કંઠસ્થ કરેલ તેવાં લુક એન લર્નના બાળકોનું શ્રી પ્રવિણભાઈ કોઠારી, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ, શ્રી નિલેશભાઈ શાહ, શ્રી વિરેશભાઈ ગોડા, શ્રી શૈલેષભાઈ માંઉ, શ્રી પરેશભાઈ સંઘાણી વગેરે દ્વારા બહુમાન કરી બાળકોને બીરદાવવામાં આવેલ.

લુક એન લર્નના ગુજરાતના સેન્ટરર્સમાં સેવા આપતા 80 થી વધુ દીદીઓએ હર્ષના આંસુ વ્હાવતા શાસન સેવા માટે જીવનની દરેક ક્ષણ કુરબાન કરશું તેના પર ભાવો વ્યક્ત કરેલ.

પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું કે લુક એન લર્ન એ માત્ર જૈન શાળા, પાઠશાળા જ નથી . પરંતુ જિન શાસનનું ભવિષ્ય છે. આ બાળકોમાંથી જ કોઈ સાધુ કે સાધ્વીજી થશે તો કોઈ આત્મા પૂજ્ય શ્રી ડુંગર સિંહજી મ.સા. જેવા આચાર્ય પણ બની શકે તો કોઈ આજના આ બાળકો ભવિષ્યમાં શંખ,આનંદ અને કામદેવ જેવા શ્રાવકો પણ થશે. **અત્યાર સુધીમાં લગભગ દોઢ લાખ બાળકો લુક એન લર્નમાં જૈન ધર્મના સંસ્કારોથી ભાવિત થયા છે. દેશ- વિદેશમાં 50,000 ઉપરાંત ભૂલકાઓ વર્તમાનમાં અભ્યાસ કરી રહ્યાં છે.**

કાર્યક્રમનું સુંદર સંચાલન લુક એન લર્નના સ્ટુડન્ટ સોમ્ય અને આયુષીએ કરેલ. રીધ્ધી દીદી લાઠીયાએ સંચાલનમાં સાથ આપેલ. શ્રી નરેન્દ્રભાઈ વાણી ગોતાજીએ ભક્તિના સૂર રેલાવ્યાં હતાં.

6 વર્ષના વિધાન મલયભાઇ કોઠારી-4 અધ્યયન કંઠસ્થ કરતાં સન્માન

નરેન્દ્ર કુંવરબા શિક્ષણ સ્કૂલ સમિતિના શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર

ધોળકીયા સ્કૂલના શ્રી જીતુભાઇ ધોળકીયા

ધારાદીદી કોઠારી

ધ્રુવી લાઠિયા

ઉન્નતિ સ્કૂલના શ્રી સંજયભાઇ જોશી વતી સ્વીકારતાં

માસુમ સેન્ટરના શ્રી કોઠારી પરિવાર

મોદી સ્કૂલના શ્રી રશ્મિકાંતભાઇ મોદી

સૌમ્ય

આયુષી

NRI શિબિર:

મારા nature પર મારે પરમાત્માની signature મેળવવી છે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના સાંનિધ્યે 120 થી વધારે NRIs એ **આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, કોન્ગો, સુદાન, સિંગાપોર, દુબઈ, લંડન, જાપાન અને અમેરિકા** જેવા દેશ, જ્યાં સંત સાંનિધ્ય અને પ્રવચનનો લાભ ખૂબ જ ઓછો મળતો હોય છે. તેવા દેશોમાંથી ભાવિકો પોતાની સ્પિરિચ્યુઆલિટી વધારવા, પોતાની ઈનર સેલ્ફને ઈમ્પ્રુવ કરવા, નેગેટીવ સિચ્યુએશન્સની વચ્ચે પોઝીટીવ રહેવાના લક્ષ્ય સાથે શિબિરમાં જોડાયા હતા.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું હતું કે, અત્યાર સુધી પરમાત્માની આકૃતિ કે structure ને જ નિહાળ્યા હતા પણ હવે પરમાત્માની પ્રકૃતિ અને nature ને સમજીને પરમાત્મા જેવા બનવાનો પુરુષાર્થ કરવો છે. જે દિવસે આપણા nature પર પરમાત્માની signature મળી જશે, એ દિવસે સ્વયં પરમાત્મા બનતા વાર નહીં લાગે.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી અનેક NRI શિબિરાર્થીઓએ પોતાના જીવનની કરેલી ભૂલોની રડતા રડતા આલોચના કરી, શ્રાવકવ્રત અંગીકાર કરી ધન્ય બન્યા હતાં.

NRI બાળકો માટે drama, games, activities, પરફોર્મન્સથી નવ દીક્ષિત મહાસતીજીઓ એ બાળકોને ઈંગ્લીશમાં સમજ આપી હતી અને શિબિરનાં છેલ્લાં દિવસે બાળકોએ સંત-સતીજીનો વેશ ધારણ કરીને વીરના વારસદાર બનવાની અનુભૂતિ કરી હતી.

ઉપાસક એ જ હોય જે ભગવાનને ફોલો કરે. નાની નાની બાબતોથી પ્રભુ જેવા કેવી રીતે બની શકાય તે પ્રેક્ટિકલી આ શિબિરમાં શીખવા મળ્યું. હવે તો આ આત્માને કર્મોથી ડિટેચ કરીને જલ્દીથી પરમાત્મા જેવું બનવું એ જ લક્ષ છે.

- શ્રી નરેન્દ્રભાઈ શેઠ

NRI Shibir changed not only my life but my sanskar also. બહારથી ડિસકનેક્ટ થઈને સ્વ સાથે કનેક્ટ થવું એ સાંભળ્યું ઘણીવાર હતું પરંતુ આ શિબિરમાં પહેલીવાર અનુભવ કર્યો.

- શ્રી અમીબેન શાહ, દુબઈ

છેલ્લા 6 મહિનાથી મને મારા નેચર માટેના ઘણા પ્રશ્નો હતાં પરંતુ આ શિબિરના પ્રથમ દિવસે, પહેલાં જ સેશનમાં પૂજ્ય ગુરુદેવનાં પહેલાં જ વાકય-મારા નેચર પર પરમાત્માની સિગ્નેચર મેળવવી છે. આ એક જ વાકયમાં મને મારા બધાં પ્રશ્નોના જવાબ મળી ગયા.

- શ્રી પન્નાબેન ટીંબડીયા, સિંગાપોર

---

23 વર્ષથી હું A.C. વગર રહ્યો નથી. પહેલે દિવસે તો ઉપાશ્રયમાં પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં A.C. નહોતું, રૂમમાં ગયો તો ત્યાં પણ A.C. નહોતું. પૂજ્ય ગુરદેવની પ્રેરણા યાદ આવી કે મારા ભગવાન કેવી રીતે જંગલમાં રહેતા હશે ? મારા ભગવાન તો સૂતાં જ નહોતા પરંતુ મારે સૂવું પડે છે. અને એ આશ્ચર્ય વચ્ચે કયાં ઊંઘ આવી ગઈ ખબર જ ના પડી. મારી ડિપેન્ડન્સી આટલી ઓછી થઈ જશે એ મેં ક્યારેય વિચાર્યું નહોતું. આહારના સેશન્સ પછી મેં ડિસાઈડ કર્યું છે કે હું હવેથી ક્યારેય ફુડના વખાણ તો નહીં જ કરું પરંતુ બીજાને પણ પ્રેરણા નહીં આપું કે અહીંનું ફુડ સારું છે, ટ્રાય કરો.

- શ્રી જતીનભાઈ શાહ-દુબઈ

આ શિબિર મારા માટે વન સ્ટેપ અપ હતી. કંઈ કામ નથી તો શોપીંગ કરવા જઈએ આ નેચરને કારણે વસ્તુ ઉપયોગી હોય કે નહીં, લઈ લઈએ છીએ. પરંતુ ગુરુદેવે

સમજાવ્યું કે પરમાત્મા શોપીંગ ના કરે તો પરમાત્માનો ઉપાસક કેવી રીતે કરે ? માટે હવેથી હું ઉપયોગી વસ્તુઓની શોપીંગ કરવાનો પુરુષાર્થ કરીશ.

- શ્રી વિશાલભાઈ-કોંગો

આ શિબિરમાં અજાણ્યાંની આંગળી પકડીને પાંચ મિનિટ ચાલવાની આજ્ઞા હતી જ્યારે રસ્તે ચાલતા એક વૃધ્ધ માજીની મેં પાંચ મિનિટ માટે આંગળી પકડીને ચાલવા કહ્યું ત્યારે એમણે કહ્યું કે મને જરૂર નથી હું ચાલી શકું છું. ત્યારે મેં કહ્યું કે જરૂર મારે છે. મારે તમારી આંગળી પકડીને ચાલવું છે. પાંચ મિનિટ પછી જ્યારે એમને ગુરુદેવની આજ્ઞા અને આ શિબિર વિશે ખબર પડી તો તેઓ પણ અત્યંત હર્ષપૂર્વક ગુરુદેવના દર્શન કરવા આવ્યાં. અનાર્ય દેશમાં રહીને અમને જ્ઞાનપૂર્વક કેવી રીતે જીવવું તે શીખવાડવા માટે ગુરદેવનો ખૂબ ખૂબ આભાર.

- શ્રી તૃપ્તિબેન મહેતા-સુદાન

શિબિર Attend કર્યા પછી હવે રસોઈ બનાવતી વખતે ટેસ્ટની બદલે માત્ર અને માત્ર જીવદયાનું લક્ષ્ય રાખીશ.

- શ્રી ભાવનાબેન ટોળીયા, સુદાન

આ શિબિર પછી કયારેય હું કોઈના પર આક્ષેપ કરીશ નહીં. કોઈ અજાણ્યાની આંગળી પકડીને ચાલવાના પ્રયોગે મારા અહંકારના ચૂરેચૂરા કરી નાંખ્યા છે. હવેથી હું કોઈને પણ મદદ કરવા હંમેશા તત્પર રહીશ.

- શ્રી ઈશાબેન પારેખ-લંડન

આ શિબિરનું CHECK AND CHANGE સૂત્ર અપનાવીને બાળક જેવા સરળ બનવાનો નિર્ણય કર્યો હતો.

- શ્રી દેવયાનીબેન પારેખ-દુબઈ

આગમ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી જનકમુનિ મહારાજ સાહેબ જન્મજયંતિ સ્મૃતિ અવસરઃ

આગમ દિવાકર પૂજ્યશ્રી જનકમુનિ મહારાજ સાહેબની 87 મી જન્મજયંતિના અવસરે રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ કહ્યું હતું કે સંત તત્ત્વને જાણવા કે ઓળખવાના પ્રયત્ન કરવાથી અધુરપની પ્રાપ્તિ થતી હોય છે પરંતુ સંત તત્ત્વ પ્રત્યે અર્પણતા અને સ્વીકારભાવ રાખવાથી સંપૂર્ણની પ્રાપ્તિ થઇ જતી હોય છે.

આ અવસરે પૂજ્ય આગમ દિવાકર ગુરુદેવશ્રીના ગુણોને સ્મૃતિપટ પર લાવીને પૂજ્ય શ્રી સુનિતાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી અજિતાબાઇ મહાસતીજીએ ભાવો વ્યક્ત કર્યા હતાં.

સંઘ પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ શેઠે આગમ દિવાકર ગુરુદેવશ્રી સાથેની સ્મૃતિઓને વાગોળીને એમને ગુણાંજલિ અર્પણ કરી હતી.

ડુંગર દરબારમાં શ્રમણ સંઘીય આચાર્ય પૂજ્ય શ્રી આનંદઋષિજી મહારાજ સાહેબની 118 મી જન્મજયંતિ

શ્રમણ સંઘીય આચાર્ય પૂજ્ય શ્રી આનંદઋષિજી મહારાજ સાહેબની 118 મી જન્મજયંતિ તેમજ પૂજ્ય શ્રી અજરામરજી સ્વામીની પુણ્યસ્મૃતિ નિમિત્તે ભાવ સ્મૃતિ ગુણાંજલિ ડુંગર દરબારમાં 3500 થી વધુ ભાવિકોની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવી હતી.

શ્રમણ સંઘીય પૂજ્ય આચાર્ય શ્રી શિવમુનિજી મહારાજ સાહેબના શિષ્યા પૂજ્ય શ્રી અમિતજ્યોતિજી મહાસતીજીએ આ અવસરે આચાર્ય પૂજ્ય શ્રી આનંદઋષિજી મહારાજ સાહેબના ગુણોનું સ્મરણ કરીને ગોંડલ સંપ્રદાયના ડુંગર દરબારમાં શ્રમણ સંઘના આચાર્યશ્રીની 118 મી જન્મતિથિનો અવસર ઉજવવાની તક આપવા બદલ રાષ્ટ્રસંત પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હતો.

શ્રી નેમિનાથ વિતરાગ સ્થા. જૈન સંઘના પ્રમુખ શ્રી ભરતભાઈ દોશી અને રાજસ્થાન જૈન સંઘનાં શ્રી ઉત્તમજી સુરાણાજીએ પૂજ્ય આચાર્યશ્રીના જન્મોત્સવે શ્રદ્ધાભાવના વ્યક્ત કરેલ. શ્રી નેમિનાથ વિતરાગ સંઘના બાળકો દ્વારા સુંદર નૃત્ય પ્રસ્તુતિ સાથે આ અવસરે ગુરૂવર્યોની જયકાર કરવામાં આવી હતી.

પૂજ્યવરા મંગલમૂર્તિ શ્રી મુક્તાબાઇ મહાસતીજીની 11 મી પુણ્યસ્મૃતિ અવસર ભક્તિભાવે ઉજવાયો

અનેક ગુણોથી સમૃદ્ધ એવું સંયમ જીવન જીવી જનારા પૂજ્યવરા મહાસતીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પાંચ દિવસના એકાસણા તપની આરાધનાની પ્રેરણા કરવામાં આવતાં ૨૫૦ થી પણ વધારે ભાવિકો અત્યંત અહોભાવ સાથે તપ આરાધનામાં જોડાયાં હતાં.

પૂજ્યવરા મહાસતીજીના સ્વાસ્થ્યની અંતિમ સમય સુધી ખેવના અને કાળજી રાખને અંત સમયે સંથારાના અંતિમ આરાધના કરાવનારા એવા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂજ્યા શ્રી મુક્તાબાઈ મહાસતીજીને સરળહૃદયા, શુક્લલેશ્યાના ધારક અને પ્રભુ હૃદયીના ઉપનામથી ઓળખાવીને કહ્યું હતું કે, કેટલાંક આત્માઓ એવા હોય છે જેમની પાસેથી ક્યારે દૂર જઈએ એવા ભાવ થતાં હોય છે. પરંતુ કેટલાંક આત્માની પાસે ને પાસે બેસી રહીએ એવા ભાવ થતાં હોય છે. જેમની પાસેથી દૂર થવાનું મન ન થાય એવા શુક્લલેશ્યાધારી પૂજ્યવરા મુક્તાબાઈ મહાસતીજીની સરળતા અને સૌમ્યતા અનેકો અનેકોની વચ્ચે એક હતી. એમના જીવનમાં ન કોઈ કાવાદાવા, ન ઈર્ષ્યા, ન મારું-તારું કે ન કોઈ પ્રત્યે દ્વેષ એવા પ્રભુ હૃદયી હતાં. આ સાથે વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતિબાઈ મ., ડૉ. પૂ. શ્રી ડૉલરબાઈ મ. તેમજ પૂ. શ્રી હસ્મિતાબાઈ મ.એ પણ પૂજ્યવરાના ગુણોને સ્મૃતિપટ પર લાવીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

અપૂર્વ શ્રુત આરાધિકા પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજીની તૃતીય પુણ્યસ્મૃતિ અવસરે અહોભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ

900થી વધુ ભાવિકોએ આયંબિલ તપની આરાધના સાથે અહોભાવની અંજલિ આપી

અક્ષરોમાં કંડારેલી નિર્ગ્રંથતાનું દર્શન તે દિવ્યાત્મા ગ્રંથ

ગોંડલ સંપ્રદાયના ગુરૂ પ્રાણ પરિવારના પૂજ્ય શ્રી મુક્ત-લીલમ ગુરુણી તરીકે હજારો ભાવિકોના હૃદયમાં શ્રદ્ધા સ્થાન પર બિરાજમાન થયેલાં અને 108 થી પણ વધારે સાધ્વીરત્નાઓના ગુરુણી એવા ભાવયોગિની અપૂર્વશ્રુત આરાધિકા પૂજ્ય સાહેબજી શ્રી લીલમબાઇ મહાસતીજીની તૃતીય પુણ્ય સ્મૃતિનો અવસર અત્યંત અહોભાવ અને સન્માનપૂર્વકની શ્રદ્ધાંજલિ સાથે સંપન્ન થયો હતો.

ગુણાંજલિના કાર્યક્રમ અંતગર્ત આ અવસરે એમના જીવન આધારિત દિવ્યાત્મા સ્મૃતિ ગ્રંથને ધર્મવત્સલ શ્રી નટુભાઇ હરજીવન શેઠ તથા શ્રી વી.ટી.તુરખીયાના ઘર આંગણે કેસર છાંટણે વધામણાં કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ, દિવ્યાત્મા ગ્રંથ સાથેની પાલખી ડુંગર દરબાર પર પહોંચી હતી જ્યાં ગુણાંજલી કાર્યક્રમ યોજાયો હતો.

પૂજ્યા શ્રી પ્રભાબાઇ મહાસતીજીએ અપૂર્વ શ્રુત આરાધિકાને પૂર્વભવના આરાધિકા કહીને અહોભાવ પ્રદર્શિત કર્યો હતો. પૂજ્ય શ્રી વિરમતીબાઇ મહાસતીજીએ પૂજ્ય ગુરૂણીશ્રીને સંયમનિષ્ઠ અને સમ્યક દર્શનનું પ્રાગટય કરાવી દે તેવી પ્રવચન કલાના ધારક કહીને સુંદર શ્રદ્ધાંજલિ ભાવો અર્પણ કર્યા હતાં.

શ્રી નટુભાઇ હરજીવન શેઠના ઘર આંગણેથી 'દિવ્યાત્મા ગ્રંથ' સ્મૃતિયાત્રા પ્રારંભ

પૂજ્ય શ્રી રેણુકાબાઇ મહાસતીજીએ હૃદય ઉદગારો વ્યકત કરતાં પૂજ્ય સાહેબજીને ચોથા આરાના જીવ તરીકે ઓળખાવ્યાં હતાં. પૂજ્ય શ્રી ડો. આરતીબાઇ મહાસતીજીએ અપૂર્વ શ્રુતા આરાધિકાનો સ્વાધ્યાયપ્રેમી, સંયમનિષ્ઠ અને નાદુરસ્ત અવસ્થામાં પણ પોતાના અંગત સ્વાર્થને ન પોષીને શાસન સેવાને પ્રાધાન્ય આપનારા તરીકે ઓળખાવીને ભાવાંજલિ અર્પણ કરી હતી. પૂજ્ય શ્રી રૂપાબાઇ મહાસતીજીએ પૂજ્ય સાહેબજીને યુગો યુગોના સાધક, નિ:સ્પૃહતાના સ્વામી અને આજ્ઞાધર્મને જીવનમાં આત્મસાત કરનાર તરીકે ઓળખાવીને ગુણાંજલિ અર્પણ કરી હતી.

સમગ્ર જીવન દર્શનને દર્શાવતી સુંદર, ભાવાત્મક નાટિકાની પ્રસ્તુતિ કરતાં ઉપસ્થિત સમુદાય તે દ્રશ્યોમાં ગરકાવ બની ગયો હતો.

છેલ્લા બે વર્ષથી નિર્ગ્રંથ જીવનને અક્ષરોમાં કંડોરી રહેલા ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઈ મહાસતીજી લિખિત દિવ્યાત્મા ગ્રંથને વિશાળ સંખ્યામાં પૂજ્યા સાધ્વીજી ભગવંતોએ ભાવ સ્મૃતિ સાથે પ્રદક્ષિણા વંદનાની અર્પણતા કરતા ઉપસ્થિત સહુ નતમસ્તક બન્યા હતા. આ ગ્રંથરાજનું વિમોચન ગોંડલ સંપ્રદાયના ઉપસ્થિત અનેક સંઘોના પદાધિકારીઓના હસ્તે તથા દિવ્યાત્મા ગ્રંથના અનુમોદક શ્રી શેઠ પરિવાર, શ્રી તુરખીયા પરિવાર અને શ્રી તેજાણી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂજ્ય શ્રી લીલમબાઈ મહાસતીજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા 700 થી વધુ ભાવિકોએ આયંબિલ તપની આરાધના કરીને ભાવાંજલિ અર્પણ કરી હતી. તે દરેક આયંબિલ આરાધકોને આયંબિલ કરાવવાનો લાભ શ્રી નટુભાઈ શેઠ પરિવાર તથા જૂનાગઢના શ્રી હેમાણી પરિવાર તરફથી આયંબિલ આરાધકોને પ્રભાવના આપવામાં આવી હતી.

શ્રી વી.ટી. તુરખીયાના આંગણે ગ્રંથના કેસર છાંટણા

શ્રી તુરખીયા, શેઠ, તેજાણી, હેમાણી પરિવાર

ગોંડલ સંપ્રદાયના સંઘ પદાધિકારીઓના હસ્તે વિમોચન

ભાવસ્મૃતિ સાથે પ્રદક્ષિણા વંદના અર્પણ કરતાં શિષ્યા પરિવાર સાધ્વીવૃંદ

તપસ્વી પારણા મહોત્સવ

રાજકોટ ડુંગર દરબારના આંગણે 3 સાધ્વીરત્નાઓના માસક્ષમણ તપનો અનુમોદના મહોત્સવ ઉજવાયો

માસક્ષમણની તપ સાધનાથી સમૂહ ચાતુર્માસ ધન્ય થઇ ગયું.

- સમસ્ત સંઘોના હૃદય ઉદ્‌ગારો

રાજકોટ શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન સંઘ ખાતે સમૂહ ચાતુર્માસમાં છેલ્લા 30 દિવસથી તપસ્વી આત્માઓએ પ્રભુ મહાવીરે ચીંધેલ એવા ઉગ્ર ઉપવાસ તપની કઠોરતમ આરાધના કરી આત્મ કલ્યાણ સાથે જિનશાસનને ગૌરવાન્વિત કરેલ છે. અલ્પ સંયમ પર્યાયમાં ઉગ્ર તપની આરાધના કરી જબરદસ્ત કર્મ નિર્જરા સાથે પ્રભુ મહાવીરના શાસનની અપૂર્વ પ્રભાવના કરેલ છે.

3 સાધ્વીરત્નાઓની છેલ્લા ત્રીસ દિવસથી ચાલી રહેલી ઉપવાસની આરાધનાની અનુમોદના કરતાં રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ કહ્યું હતું કે **સાધનામાં કઠિનતાનાં દર્શન કરે તેવા લોકો કલ્યાણ માર્ગથી દૂર થઇ જતા હોય છે. પરંતુ મારા પરમાત્માએ જે કર્યું તે હું પણ કરી શકું, એવો અંતરનો જો વિશ્વાસ હોય તો કંઇ અઘરું હોતું જ નથી.** 30 દિવસ ભોજન વગર માત્ર ગરમ પાણી પીને રહી શકાય છે.

પારણા મહોત્સવ મધ્યે ગોંડલ સંપ્રદાયના 108 સંઘો વતી ઉપસ્થિત અગ્રણીઓ, શ્રી પ્રવીણભાઇ કોઠારી તેમજ શ્રી ચંદ્રકાંતભાઇ શેઠે તપસ્વી રત્નાઓ પૂજ્ય મહાસતીજીઓને વંદન સહ અભિનંદન પાઠવેલ. અભિનંદન સ્મૃતિ પત્રનું વાંચન મનહર પ્લોટ સંઘના પ્રમુખ શ્રી ડોલરભાઇ કોઠારીએ કરેલ. ગોંડલ સંપ્રદાયના અગ્રણીઓ તરફથી સુંદર ફ્રેમ અને સન્માન પત્ર અર્પણ કરીને અહોભાવથી તપસ્વીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. તપસ્વીઓને શાલ અર્પણ કરીને એમના સન્માન અને પારણા કરાવવાનો લાભ શ્રી અશોકભાઇ ઠોસાણી, શ્રી અનિલભાઇ ભાયાણી તેમજ શ્રી નિરંજનભાઇ ભાયાણી પરિવાર તરફથી લેવામાં આવતા હર્ષ હર્ષ છવાયો હતો, માત્ર 6 મહિના, 2 વર્ષ અને 4 વર્ષની દીક્ષા પર્યાયમાં માસક્ષમણ તપની ઉગ્ર આરાધના કરનાર મહાસતીજીઓ પ્રત્યે આશીર્વાદની અમીવર્ષા વરસાવતા ઉપસ્થિત સર્વ વડિલ સાધ્વીજીવૃંદ તથા ધર્મચક્ર તપની આરાધના કરી રહેલા મહાસતીજીઓના પાવન હસ્તે તપસ્વી મહાસતીજીઓને અભિનંદન સહ શાલ અર્પણ કરવામાં આવી હતી. 32 માં ઉપવાસના આરાધક તપસ્વી શ્રી ભાવનાબેનનું શ્રીયંત્રથી સન્માન શ્રી જીતુભાઇ બેનાણીએ કર્યું હતું.

આ અવસરે સૌરાષ્ટ્ર સિંહણ પૂજ્ય શ્રી ઇન્દુબાઇ મહાસતીજીના સુશિષ્યા પૂજ્ય શ્રી સોનલબાઇ મહાસતીજી, શાસનચંદ્રિકા પૂજ્ય શ્રી હિરાબાઇ મહાસતીજીના સુશિષ્યા પૂજ્ય શ્રી સ્મિતાબાઇ મહાસતીજી તથા શ્રમણ સંઘીય પૂજ્ય શ્રી અમિતજ્યોતીજી મહાસતીજી પણ તપસ્વીઓને અભિનંદન આપવા ઉપસ્થિત રહ્યાં હતાં.

બાલ દ્રવ્ય તપની ભૂરી ભૂરી અનુમોદના

શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના આંગણે વ્યતીત થઈ રહેલાં પૂજ્યવર ડુંગર ગુરુપ્રાણ પરિવાર સમૂહ ચાતુર્માસમાં સમગ્ર રાજકોટના બાળકો માટે દ્રવ્ય તપની પ્રેરણા કરવામાં આવતા અત્યંત ઉત્સાહપૂર્વક બાળકો જોડાયા હતા. નાના બાળકો દ્વારા આરાધિત દ્રવ્ય તપ એટલે પહેલા દિવસે આહારમાં માત્ર એક જ દ્રવ્ય એટલે કે એક જ વસ્તુ, બીજા દિવસે બે દ્રવ્ય એટલે કે માત્ર બે વસ્તુ એમ ક્રમશ: પંદરમાં દિવસે પંદર દ્રવ્ય વાપરીને ફરીથી ચૌદ, તેર અને ક્રમશ: છેલ્લા ત્રીસમાં દિવસે ફરીથી એક દ્રવ્ય વાપરીને ભવોભવની આહાર સંજ્ઞા પર વિજય મેળવવો.

એક મહિના સુધી આરાધના કરનાર સર્વ બાળ તપસ્વીઓનાં તપની પૂર્ણાહૂતિ થતા તેમની અનુમોદના કરવામાં આવી હતી.

આ અવસરે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ બાળ તપસ્વીઓની અનુમોદના કરતા ફરમાવ્યું **કે જે ભવોભવનાં તપસ્વી હોય, તેમને જ આટલી નાની ઉંમરે દ્રવ્ય તપ કરવાનું મન થાય.**

300 થી પણ વધુ બાળકોને શિલ્ડ અને કવર આપીને એમના તપની અનુમોદના કરવામાં આવી હતી.

પોતાનો અનુભવ કહેતા બાળકોએ કહ્યું કે, તપશ્ચર્યા દરમ્યાન જયારે કોઈકની બર્થ-ડે પાર્ટીમાં કે બહાર ફરવા જવાનું થયું ત્યારે કોલ્ડ્રીંકસ વગેરે જોઈને એક વખત તો મન લલચાઈ ગયું પરંતુ તે જ ક્ષણે પૂજય ગુરુ ભગવંતના દ્રવ્ય

મર્યાદાના વચનો યાદ આવી જતાં કંટ્રોલ કરવો ન પડયો પરંતુ ઓટોમેટિક થઈ જ ગયો !

દોઢ વર્ષના બાળકે બાલ દ્રવ્ય તપ આરાધના પરિપૂર્ણ કરતાં હર્ષ અને આનંદ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

રાજકોટના શ્રમજીવી સંઘ, વિરાણી પૌષધશાળા, ભક્તિનગર, જૈન ચાલ, મનહર પ્લોટ, સરદારનગર, શ્રી ગીત ગુર્જરી, રેસકોર્સ પાર્ક, સદ્‌ગુરુ, નાલંદા, વિતરાગ આદિ સંઘોના બાળકો જોડાયાં હતાં.

શ્રી રોયલપાર્ક ઉપાશ્રયમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર અંતર્ગત અનેક વિદ્વાનોએ વક્તવ્ય આપ્યાં

સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય પ્રાણગુરુદેવની 120 મી જન્મજયંતિ જ્ઞાનના માધ્યમથી ઉજવાય તે માટે આયોજિત થયેલા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી પ્રેરિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણ ગુરુ સેંટર-મુંબઇ આયોજિત 2 દિવસીય 17 માં જૈનસાહિત્ય જ્ઞાનસત્રમાં અનેક વિદ્વાનોનાં વક્તવ્યથી શ્રોતાજનો અભિભૂત થયાં હતાં.

શ્રી મધુબેન બરવાળીયા દ્વારા પ્રાણગુરુદેવની ભાવપૂર્ણ સ્તવના બાદ જ્ઞાન સત્રના પ્રમુખ **પદ્મશ્રી કુમારપાળભાઇ દેસાઇ**એ

પોતાના દેશ-વિદેશના બહોળા અનુભવને વર્ણવીને જૈન ડાયાસ્પોરા અંતર્ગત જૈન દર્શનને વ્યક્તિ કે કોમ પૂરતી મર્યાદિત ન રાખતા જૈન ધર્મના અહિંસાના સિધ્ધાંતને વૈશ્વિક ઊંચાઇ એલઇ જવા પર વક્તવ્ય આપ્યું હતું.

જૈન ધર્મમાં આહાર વિજ્ઞાન, શરીર વિજ્ઞાન અને યોગના વક્તવ્યમાં **શ્રી બીનાબેન ગાંધી**એ આજના દોડધામ ભર્યા જીવનમાં સ્ટ્રેસ ફ્રી જીવવા માટે આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરવા ધ્યાન પ્રયોગનું મહત્ત્વ બતાવ્યું હતું.

ચેન્નઇના શ્રી શૈલેષીબેન અજમેરાએ ચતુર્વિધ સંઘ અને જૈન ધર્મ પર સુંદર વક્તવ્ય આપતા કહ્યું કે ચતુર્વિધ સંઘ માત્ર જિનશાસનનો આધારસ્તંભ જ નથી, સંઘના માથે પરમાત્માની ઉંમર વધારવાની જવાબદારી છે. આગમ ગ્રંથોને કંઠસ્થમાંથી ગ્રંથસ્થ પરંપરાના પ્રણેતા ક્ષમાશ્રમણ શ્રી દેવર્ધિગણી આચાર્ય, અર્ધમાગધીમાંથી ગુજરાતી ભાષાંતરના પુરુષાર્થ કરનાર અપૂર્વ શ્રુત આરાધિકા પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજી અને આવનારી જનરેશનના હિતને ધ્યાનમાં રાખીને આગમ ગ્રંથના અંગ્રેજી ભાષામાં અનુવાદ કરવા માટે રાષ્ટ્રસંત પૂજ્યશ્રીના પુરુષાર્થની અનુમોદના કરી હતી.

શ્રી મણિલાલભાઇ ગાલાએ જૈન સમાજના 700 થી વધારે સામાયિક પત્રોથી સહુને પરિચિત કર્યા હતાં.

શ્રી બળવંતભાઇ જાનીએ જૈન શ્રાવકોના સિધ્ધાંત, આચરણ અને વ્યવહારને કારણે જૈન સિધ્ધાંત કેવી રીતે વિશ્વવ્યાપી બન્યો, તેના મહત્ત્વના મુદ્દાઓને આવરીને વૈશ્વિક સાહિત્યમાં જૈન શ્રુતનું મહત્ત્વ બતાવતાં કહ્યું કે 3500 સર્જકોમાંથી 2200 જૈન છે અને સાહિત્યના 62 સ્વરૂપ વૈશ્વિક લીટરરી સમાજને આપવા માટેનું ગૌરવ જૈન મુનિ ભગવંતોને આપ્યું હતું.

પુરુષપ્રધાન સમાજમાં ઉપકારી ગુરુવર્યોના ઉપકારનું વેદન અવારનવાર થાય છે પરંતુ જૈન સમાજમાં ચતુર્વિધ સંઘના મહત્ત્વપૂર્ણ સ્તંભ-સાધ્વીજી ભગવંતના મહત્ત્વ પર ભાવવાહી શૈલીમાં પ્રવચન **શ્રી ભારતીબેન મહેતા**એ આપતા સર્વના અંતરમાં અહોભાવ છલકાઇ ગયો હતો.

ચતુર્વિધ સંઘમાં શ્રાવિકાઓને યોગદાન, આ વિષય પર મનનીય પ્રવચન આપતાં **ડૉ. સેજલબેન શાહ**એ કહ્યું કે જૈન ધર્મ જન્મથી મળે એટલે શ્રાવક ન હોય પરંતુ શ્રાવકત્વ કેળવવું પડે છે. શ્રાવકો ઝરણાંની જેમ ભેગા થાય અને નદી રૂપ સંઘ બની જાય ત્યારે ગુરુ કાંઠા જેવા બની અને પરમાત્મા રૂપી સાગરમાં ભેળવી દે છે.

ડો. પ્રીતિબેન શાહે જૈન ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરતા કહ્યું કે, જૈનીઝમ કે વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો સેતુ છે. ધર્મ સત્યની શોધ અતીન્દ્રિય જ્ઞાનથી કરે છે જ્યારે વિજ્ઞાન સત્યને સૂક્ષ્મ અન્વેષણા યંત્રથી શોધ કરે છે. માટે એવા યુગની શરૂઆત થાય કે જેમાં અધ્યાત્મ અને વિજ્ઞાનની એકતા હોય તો તે સમસ્ત સમાજ માટે હિતકારી બનશે.

અત્યંત પ્રભાવશાળી શૈલીમાં જૈનાચાર્ય અને ચતુર્વિધ સંઘ વિષય પર **શ્રી સુરેશભાઇ ગાલા**એ અનોખા અંદાજમાં પોતાના ભાવોને પ્રસ્તુત કર્યા હતાં. દેશ-વિદેશના અનેક સંપ્રદાયો, ધર્મો અને અનેક પરંપરાઓની તુલનાત્મક રજૂઆત કરીને તેઓએ જૈન સમાજના ક્રાંતિકારી અને યુગ પુરુષ અનેક આચાર્યના યોગદાન વિશે પોતાના અહોભાવને પ્રગટ કર્યો હતો. વિશેષમાં, તેઓએ રાષ્ટ્રસંત પૂજ્યશ્રીના અનેક મિશન અને અને દીર્ઘ દ્રષ્ટિની પ્રશસ્તિ કરી હતી.

ડો. શ્રી અંબાદાન રોહડિયાએ ચારણ પરંપરામાં ભક્તિના મહત્ત્વ અંગે મૌલિક શૈલીમાં વિશદ છણાવટ કરતા જૈન ધર્મ અને અન્ય ધર્મોમા ચારણોનાં યોગદાન વિશે વક્તવ્ય રજૂ કર્યું હતું.

શાસન અને સંઘના વિકાસ અર્થે સતત ચિંતનશીલ **શ્રી ખીમજીભાઇ છાડવા**એ ચતુર્વિધ સંઘના વિષય અંતર્ગત બાળકો તથા યુવાનોને ધર્મથી કેવી રીતે અભિમુખ કરવા તેમજ ચતુર્વિધ સંઘના ચારે પાયાઓને પર્યાવરણની અસર ન થાય તે માટે મજબૂતીના મુદ્દાઓ ઉપર પોતાનું ચિંતન રજૂ કર્યું હતું.

બંધુ ત્રિપુટીમાંના મુનિ શ્રી મુનિચંદ્રજી - કવિ આનંદની કવિતાઓના જૈન અંતર્ગત **શ્રી જોનીભાઈ શાહે** મધુર કંઠે

કાવ્યમય પ્રસ્તુતિ કરતાં જાણે મણિકાંચન યોગ થયો હતો.

શ્રી અર્ચનાબેન અને જોનીભાઈ શાહના પુરુષાર્થથી 900 વર્ષ પહેલાં થઈ ગયેલા જૈન સમાજના પ્રભાવશાળી આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજીના જીવન - કવનને માતા શ્રી પાહીણી દેવીના એકપાત્ર અભિનય દ્વારા અર્ચનાબેને રજુ કરતા શ્રોતા ગણ અભિભૂત થઈને જાણે તે સમયખંડની અનુભૂતિ કરી રહ્યા હતા.

શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ભાઈ શેઠ તથા સંઘપતિ શ્રી નટુદાદા શેઠ દ્વારા સર્વ વિદ્વાનોના સન્માન બાદ શ્રી ગુણવંતભાઈ બરવાળીયાએ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી તથા શોધ નિબંધ રજૂ કરનાર સર્વ વિદ્વાનોની આભારવિધિ કરી હતી તેમજ અત્યાર સુધીના જ્ઞાનસત્રોમાં થયેલા વિદ્વાનોના વક્તવ્યોનું સંપાદન કરીને પ્રકાશિત થતાં પુસ્તકો અંગે સૌને માહિતગાર કર્યા હતા.

સમાપન વિધિ કરતાં જ્ઞાનસત્રના પ્રમુખ પદ્મશ્રી કુમારપાળભાઇ દેસાઈએ **જે જૈન સમાજ શ્રુત જ્ઞાન, સમજ અને સંસ્કારથી સમૃદ્ધ છે તે ધર્મ જ્ઞાનથી વિમુખ થઈ રહ્યો છે** તેના પર ખેદ વ્યક્ત કરતા કહ્યું કે પરમાત્માની પરબ વાણીને આપણે એકલા પી ને બીજાને ન પાયી. **રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી પ્રકાશિત થયેલા જૈન વિશ્વકોશથી ભાવિ પેઢીને તથા જિનશાસનને થનાર ચિરંજીવી લાભ અંગે પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો હતો.**

રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ સર્વ વિદ્વાનોના પ્રવચનોને શ્રુત ભોજનથી તૃપ્તિનો અહેસાસ કરાવનાર કહીને સર્વ વિદ્વાનોને બિરદાવતા ફરમાવ્યું કે, **શ્રાવકો સંતોને સાંભળે તે સહજ હોય છે પરંતુ આવા વિદ્વાન શ્રાવકોને સાંભળીને માત્ર શ્રાવકોનો જ નહીં પરંતુ સર્વની સાથે સંતોનો સમય પણ સાર્થક થયો છે.** રાષ્ટ્રસંત પૂજ્યશ્રીએ પરમાત્માની વાણીને નદી સમાન બતાવીને કહ્યું કે આ વિદ્વાનો એવી નહેર સમાન છે જે નદીનું પાણી સેંકડો લોકો સુધી પહોંચાડે છે. શ્રી કુમારપાળભાઇ દેસાઈની વિજ્ઞાન અને જૈન ધર્મનો સમન્વય કરતી લેબોરેટરીની ભાવનાને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિપૂર્ણ થાય તેવા આશિર્વાદ આપ્યાં હતાં.

શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ભાઈ શેઠે જ્ઞાનસત્રમાં બે દિવસ સુધી જ્ઞાનપ્રભાવના કરનારા સર્વ વિદ્વાનોનો આભાર માન્યો હતો. આ જ્ઞાનસત્રની જ્ઞાનધારામાં ભીંજાઈને અનેક ભાવિકો પ્રભાવિત અને અહોભાવિત થયાં હતાં.

જૈનસાહિત્ય જ્ઞાનસત્રમાં અનેક વિદ્વાનોનાં વક્તવ્ય

પદ્મશ્રી ડૉ. શ્રી કુમારપાળભાઈ દેસાઈ

શ્રી ગુણવંતભાઇ બરવાળીયા

શ્રી બીનાબેન ગાંધી

શ્રી શૈલેષીબેન અજમેરા

શ્રી મણીભાઇ ગાલા

ડૉ. શ્રી બળવંતભાઇ જાની

શ્રી ભારતીબેન મહેતા

શ્રી મધુબેન બરવાળિયા

ડૉ. શ્રી સેજલબેન શાહ

ડૉ. શ્રી પ્રીતિબેન શાહ

શ્રી સુરેશભાઈ ગાલા

ડૉ. શ્રી અંબાદાન રોહડિયા

શ્રી ખીમજીભાઈ છાડવા

શ્રી જોનીભાઈ શાહ

માનવતાના સત્કાર્યોની શરૂઆત કરવા કયારેય ક્ષણનો પણ વિચાર ન કરાય, એ માટે મળતી એક પણ તક કયારેય ન ગુમાવાય

એક જન્મ્યા તારણહારા !

ગુરુદેવ ! આપશ્રીનું અવની પર આગમન,

જેટલું આપના આત્માને પરમાત્મા બનાવવા માટે અણમોલ છે,

એનાથી અનેકગણું અમૂલ્ય છે અમારા જેવા લાખો પામર જીવો માટે !

ગુરુદેવ ! જો આપ અમને ન મળ્યાં હોત તો ?

આપની પ્રેરણા અને આપના Vision એ...

આ Missions ન સર્જાયા હોત તો ?

તો... તો... તો... ગુરુદેવ !

આજે અમે કયાં હોત ? કેવી હોત અમારી **Life ?**

હે અમારા આત્માના રક્ષક,

અમારા અસીમ ઉપકારી ગુરુદેવ !

અહોભાવના અશ્રુથી આપના પદ્મપાટની પર્યુપાસના કરીએ છીએ...

આપશ્રીને અગણિત વંદના કરી... અભિવંદના અર્પણ કરીએ છીએ ! !

- All Missions Rajkot

ARHAM YUVA SEVA GROUP
9898230975

Look n Learn Jain Gyan Dham
9898875755

Sambodhi Satsang
9725300800

શ્રી ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ
9925000926

Divine Drive aatma yatra
9428466892

SOHAM MAHILA MANDAL
7405272762

Arham Jinvani
9428466892

ભાવાંજલિ

સ્વ. મહેન્દ્રભાઇ નટવરલાલ ભાયાણી

જન્મ : 09.02.1954

અરિહંત શરણ : 30.07.2018

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ માત્ર આ ભવ જ નહીં ભવો ભવને સુધારનારા છે. એમની સમયે-સમયે મળતી પ્રેરણા અને એમની અસીમ કૃપાથી અમારા પિતા શ્રી મહેન્દ્રભાઈ નટવરલાલ ભાયાણી અંત સમયે પણ પૂજ્ય ગુરુદેવના શ્રી મુખેથી માંગલિક વચનો સાંભળતા સાંભળતા મૃત્યુને મહોત્સવ બનાવી ગયા.

જેમણે અમારા હૃદયમાં સંસ્કારોનું રોપણ કરી, ધર્મ માર્ગે આવવાની પ્રેરણા કરી, એ ઉપકારી આત્માના દેહની વિદાય થઈ... એક સંબંધની વિદાય થઈ... પણ, સ્નેહ, સંસ્કાર અને સ્મૃતિરૂપે સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.

ગુરુકૃપાએ ધર્મ અને સમજ પામેલો એ આત્મા ભવોભવ ગુરુકૃપાને અનુભવતા-અનુભવતા પરમાત્માના ચરણ અને શરણને પામે એ જ

ભાવાંજલિ... હૃદયાંજલિ... શ્રધાંજલિ...

પત્ની : ભાનુબેન મહેન્દ્રભાઈ ભાયાણી

પુત્રી : મીલીબેન જીગરભાઈ શેઠ

જમાઈ : જીગરકુમાર રમણિકલાલ શેઠ

પુત્રી : રીંકુબેન ભાયાણી, સ્વીટીબેન ભાયાણી

હે ગુણનિધાન !
આપે પ્રભુ ગુણાનુરાગથી એક એક ગુણને પ્રગટ કર્યા અને આજે ગુણનિધાન બન્યા !
હે ગુરુદેવ !
આપના ગુણાનુરાગી બની... અમે પણ એક-એક ગુણને પ્રગટાવી આપના જેવા ગુણનિધાન બનીએ...
એ જ અંતરની આરજુ !
-ગુરુભક્ત શ્રી મેઘાણી પરિવાર.

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

JENAM ENTERPRISES PVT. LTD.

Raju Bhai 91 93201 41945 Amit 98198 99400 Hardik 90969 94466

IRON AND STEEL TRADERS & IMPORTERS

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

We give IDENTITY to Product

RUSH IN TO THE WORLD OF EXCITING LABELS
SPECIALLY DESIGNED FOR YOUR PRODUCT

SCREEN LAND PRINT INDIA PVT LTD

No.51, Krishnappa Agraharam Street, (Near George Town Co-operative Bank) Kondithope, Chennai - 600 079
TN, India Phone : +91-44-2520 9874 / 2596 / 6791, Email : info@screenland.in Web : www.screenland.in

Stickers & Holograms

www.screenland.in

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

BETTER EYE CARE BEST EYE WEAR

FINE EYE CARE
Eye Consultants & Optical Gallery

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST, CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954 FV

Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

FINE VISION
Ophthalmic Optical Equipment & Lenses

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road, Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444

Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

www.elitegogas.com

BLAST PROOF LPG CYLINDER NOW IN INDIA

go gas élite
Blast Proof LPG Cylinder

BLAST PROOF
LPG CYLINDER

WANTED DISTRIBUTORS & DEALERS ALL OVER INDIA

APPROVED APPROVED APPROVED
by Govt. Authorities

INDIA'S LEADING GREEN FUEL CRUSADER



Blast Proof

Heavy resin layer made of world class technology, assures 100% blast proof. it does not expand unlike matals, thus, save lives. A complete safety for family.

RUST FREE ELEGANT DESIGN

Handles, regulator space, attractive color & elegant design gives aesthetic value & convenience with outer casing that suits for rough handling.

LIGHT IN WEIGHT

Being almost half the weight of conventional metal cylinders, it gives convenience to move, no trouble on spine health & no damage to floor.

AFFORDABLE

The right fuel combination in this safe & convenient cylinder of world class technology that was used world over, gives value for money & saves cooking time.

VISIBLE GAS LEVEL

Translucent material slot helps to gauze the level of liquid gas inside the cylinder. ensures right weight, no theft & freedom from sudden emptiness.

RELIABILITY

With over 20 yrs experience, india's largest cylinder manufacturer having plants in 22 states. We are capable to deliver trustworthy services.

Confidence Petroleum India Limited

4th Floor, Landmark, Above BigBazar,
Wardha Road, Nagpur-12
Ph. No.7666 5555 60

MOVING WITH Confidence GROUP

NITIN KHARA NALIN KHARA ILESH KHARA

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2017-2019 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2018
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-09-2018

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી દીક્ષા મંત્ર સ્વીકારનારા 3-3 નવદીક્ષિતા મહાસતીજીઓ બન્યાં

।। માસક્ષમણ તપસાધનાના આરાધકો ।।

પૂજ્ય શ્રી પરમ વિરકતાજી મહાસતીજી
(દીક્ષા પર્યાય 4 વર્ષ)

60 વર્ષની ઉંમરે સંયમનો સ્વીકાર કરતી વખતે ભાવ વ્યક્ત કર્યા હતાં કે હું પ્રભુના વચનો.. **पच्छावि ते पयाया** ને સાર્થક કરીશ. આજે 64 વર્ષની ઉંમરે 400 ડાયાબીટીસ હોવા છતાં પણ મૌન ભાવે માસક્ષમણ જેવી ઉગ્ર તપસ્યા કરી.

પૂજ્ય શ્રી પરમ આમન્યાજી મહાસતીજી
(દીક્ષા પર્યાય 2 વર્ષ)

દીક્ષામંત્ર ગ્રહણ કરતી વખતે ભાવો વ્યક્ત કર્યા હતાં કે હું મારા આત્માને સુપ્રિમ કોર્ટથી પણ ઉપર એવી કર્મોની કોર્ટમાં લલકારીશ. આજે માસક્ષમણ જેવી તપસાધના કરી, કર્મો સામે વિજ્યી બનવા પુરુષાર્થ કરી રહ્યાં છે.

પૂજ્ય શ્રી પરમ વિભૂતિજી મહાસતીજી
(દીક્ષા પર્યાય 6 મહિના)

18 વર્ષની ઉંમરે જિન શાસનના શરણે આવી ભાવ વ્યક્ત કરેલ કે મારે તો તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી જેવી તપસાધના કરવી છે અને આજે 75 એકાસણા ઉપર માસક્ષમણની તપસાધના કરી એ દિશામાં પ્રગતિ કરી રહ્યાં છે.

ખરેખર ! તપસ્વી આત્માઓથી જિનશાસન આજે પણ જયવંતુ છે.

તપસ્વીઓની અનુમોદના કરતા ગોંડલ સંપ્રદાયના અગ્રણી મહાનુભાવો

પારણાનો લાભ લેનાર શ્રી અનિલભાઇ ભાયાણી, શ્રી નિરંજનભાઇ ભાયાણી, શ્રી અશોકભાઇ ઠોસાણી